Rs. 5/-

# શ્રી સ્વામિનારાયણ

February 2009










પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉજવાયેલ શાકોત્સવ, નારણઘાટ, જીવરાજપાર્ક, સમૌ, નરનારાયણ નગર

પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧



ભાયલા ગામે શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.મહારાજશ્રી
સાથે દેવસ્વામી (નારણઘાટ મહંતશ્રી) અને કોઠારી જે.કે.સ્વામી





છપૈયા સ્પેશ્યલ ટ્રેનના યાત્રિકોને આશીર્વાદ આપી પ્રયાણ કરાવતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી




સ્પેશ્યલ ટ્રેનના યાત્રિકોને શુભેચ્છા પાઠવતા સ્વજનો



સ્પેશ્યલટ્રેનના યાત્રિકો સાંખ્યયોગી અને
કર્મયોગી બહેનો છપૈયાધામ પહોંચ્યા તેની તસવીર



ભાયલા ગામે શા.સ્વા.રામકૃષ્ણદાસજીની પારાયણ પ્રસંગે




મોટેરા ગામે સભામાં દર્શન આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને




**संस्थापक**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)
**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
**એડ્રેસમાં ફેરફાર કરવા**
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ**
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 | અંક : 22 | ફરવરી-2009


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | 3 |
| 3. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ | ૪ |
| ૪. | ભગવત ભજન | ૯ |
| ૫. | આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ આપેલા પરચા | ૧૧ |
| ૬. | શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર | ૧૨ |
| ૭. | શું ધર્મવંશી આચાર્ય પદની આજ્ઞાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ શકે ? | ૧૫ |
| ૮. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૯. | ભક્તિસુધા | ૧૮ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૪ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૫ |



**: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :**
મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


# અસ્મદીયમ્

આ સ્વામિનારાયણ સંપ્રદાય એટલે પરંપરાઓને વરેલો સંપ્રદાય. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ લોકમાં સર્વજીવહિતાર્થે પ્રગટ થઈ આ સંપ્રદાયની સ્થાપના કરી વર્ષો સુધી સત્સંગમાં વિચરણ કરી જીવાત્માઓના કલ્યાણના સુંદર ઉપાયો કર્યા. આ ઉપાયો એટલે દેવ, આચાર્ય, સંત અને સતશાસ્ત્ર. આપણે સૌ ખૂબ ભાગ્યશાળી છીએ કે શ્રીજી મહારાજના સમયમાં પ્રવર્તતા જે ઉત્સવ સમૈયાઓ જે સમાજ ઉત્થાન અને સમાજ સેવાના કાર્યો જે મંદિર નિર્માણના કાર્યો, જે કથાવાર્તા જે ઐશ્વર્યો અને જે આનંદ મહારાજ સદેહે હાજર હતા અને સત્સંગમાં હતા તે આજે પણ એવાને એવા જ આનંદકારી અને દિવ્ય આપણને ભાસે છે તે જ શ્રીહરિ આજે પણ સત્સંગમાં આપણી વચ્ચે છે તેની પ્રતિતી કરાવે છે. આજે એવી કોઈ બાબતની આપણને ખોટ સાલતી નથી કે જે શ્રીજી મહારાજના સમયે હતી અને આજે આપણી પાસે નથી. બસ જરૂર છે માત્ર મહારાજના થઈને રહેવાની, જો પ્રભુના થઈને રહેશું તો એ આનંદના ભોક્તા આપણે આપો આપ જ બની જઈશું. જો હજી પણ સત્સંગમાં એ દિવ્ય આનંદની અનુભૂતિ આપણને ન થતી હોય તો માનજો કે આત્મ તપાસનો સમય નજીક છે. ભક્તજનોની શુદ્ધ ઉપાસના માટે શ્રીહરિએ સ્વયં નવ મહામંદિરોનું નિર્માણ કરાવી એમાં દેવોની પ્રતિષ્ઠા કરી અને આજ્ઞા અને આશીર્વાદ આપ્યા કે અમે પધરાવેલ આ સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં કોઈ લેશ માત્ર પણ ભેદ માનશો નહિ. આ સ્વરૂપોમાં રહી અમે તમારા સર્વે સંકલ્પો પૂર્ણ કરીશું ને તમારી ભાવનાઓનો સ્વીકાર કરીશું. તમારા મનમાં એમ થાય કે મારે પ્રભુને થાળ જમાડવો છે તો એ દેવને થાળ કરજો અમે એમાં રહી તમારા થાળ જમીશું. વસ્ત્ર અલંકારોને આભૂષણો સ્વીકારીશું ને તમારા સર્વે મનોરથ પણ પૂર્ણ કરીશું. જે વરદાન આજ દિન પર્યન્ત સત્ય છે અને જેના હજારો ભક્તો સાક્ષી છે.

આજે વિશ્વમાં હયાત હજારો મંદિરોનું મૂળ અને શ્રીહરિએ બંધાવેલ સૌ પ્રથમ મંદિર એટલે અમદાવાદના મધ્યમાં રહેલું શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફાગણ સુદ-૩ ના દિને સ્વંય શ્રીહરિએ બાથમાં લઈ ભરતખંડના રાજા એવા શ્રી નરનારાયણદેવને પોતાનું જ સ્વરૂપ માની પધરાવ્યા. એવા આપણા ઉપાસ્યશ્રી નરનારાયણદેવનો પાટોત્સવ તથા તેમનો પ્રાગટ્યોત્સવ (પુષ્પદોલોત્સવ) આપણી સમક્ષ આવી રહ્યા છે. એ બંને ઉત્સવો નરનારાયણદેવના પટાંગણમાં ધામધૂમથી ઉજવાશે.

એથીય વિશેષ શ્રીહરિએ સ્વહસ્તે પોતાના સ્થાને પોતાના પુત્ર તરીકે સ્વીકારી આપણા સૌના ગુરૂપદે જેમની સ્થાપના કરી એવા શ્રી નરનારાયણદેવ ગાદીના પ્રથમ આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ૨૦૦ મી જન્મ દ્વિશતાબ્દી આગામી તારીખ ૩-૬-૦૯ ના રોજ આવી રહી છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને તેમના જ અધ્યક્ષ સ્થાને ધર્મકુળ વંદના મહોત્સવ ખૂબ ધામધૂમથી આપણે સૌએ સાથે મળી તા. ૧-૬-૦૯ થી તા. ૩-૬-૦૯ પર્યન્ત ઉજવવાનું નિધરિલ છે. જેની વિગતો પણ યોગ્ય સમયે આપ સમક્ષ જાહેર કરવામાં આવશે. તો ભક્તજનો હવે તો જાણે ઉત્સવોની હારમાળા આવી કમર કસી આ ઉત્સવોમાં તન, મન, ધનથી સહભાગી બની આવો આપણાં કલ્યાણનું ભાથું ભરી લઈએ.

**તંત્રી શ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તપાસીમ

(ઈ.સ. ૨૦૦૯)

૩. જેતલપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે આયોજીત શોભાયાત્રા પ્રસંગે પધરામણી.
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
આમજા ગામે (તા. કલોલ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદીસણા (તા. કલોલ) પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
ત્યાં પ.ભ. ડૉ. પી.એમ. પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર સમૌ (તા. માણસા) પારાયણની પૂર્ણાહુતિ અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
જીવરાજપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર ધનુર્માસ ધૂન પ્રસંગે પધરામણી.
ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ ધનુર્માસ ધૂન પ્રસંગે પધરામણી.
૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ધનુર્માસ ધૂન મહોત્સવની પૂર્ણાહુતિ પોતાના શુભ સાનિધ્યમાં સંપન્ન થઈ.
૨૬. ડાંગરવા (પાટીદાર-તળપદ) શ્રી સ્વામિનારાયણ મંદિર પદયાત્રા પ્રસંગે હરિભક્તોને આશીર્વાદ આપવા પધાર્યા.
શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા (શ્રી પ્રભા હનુમાનજી) પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ભાયલા (ધોળકા દેશ) પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણમંદિર કાંકરિયા પધરામણી.
૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ગોઠીબ (પંચમહાલ) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૩૦. બાલા સિનોર શ્રી સ્વામિનારાયણ મંદિર પંચકુડી વિષ્ણુયાગ પ્રસંગે પધરામણી સાંજે મૂળી પધરામણી.
૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમીનો સમૈયો અને રંગોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પધાર્યા.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ


- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ આજે વિશ્વભરમાં ગુંજતું થયું છે. સજ્જનો અને સન્નારીઓના હૃદયમાં 'સ્વામિનારાયણ'ની છબી કોતરાઈ ગઈ છે અને માનસ પટ ઊપર સ્વામિનારાયણ ધર્મના વિવેક-વર્તનની અવિસ્મરણીય છાપ ઊપસી છે ત્યારે આ **સંપ્રદાયના આધ્યાત્મિક પ્રેરણા સ્ત્રોત પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ધર્મમાંગલ્યની આ પ્રજ્જવલિત જ્યોતમાં ઘી-તેલનું ઊંજણ કાર્ય કરી રહ્યા છે.** તેની એક ઝલકનો અત્રે ઉલ્લેખ કર્યો છે.

ભગવાન સ્વામિનારાયણે જનસમાજમાં શ્રીકૃષ્ણની ભક્તિ - ઉપાસના પ્રર્વતાવી અને માનવ સમાજને કુરિવાજો, અજ્ઞાનતા, વહેમ તથા અંધશ્રધ્ધાના કીચડમાંથી બહાર કાઢ્યો. 'જનસેવા એ જ પ્રભુસેવા'નો ઉપદેશ આપ્યો અને ચરિતાર્થ કર્યો. પ્રભુ સેવાર્થે તથા જન સેવાર્થે વ્યવહારિક કાર્યો કરવાં પડે અને તે હેતુથી સંપ્રદાયમાં બે ગાદીનું સ્થાપન કરીને (એક અમદાવાદ શ્રી નરનારાયણદેવ અને બીજી વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ) શુધ્ધ પારદર્શક વહીવટને સારુ પોતાના દત્તપુત્રોનું તેની ઉપર આચાર્ય પદે સ્થાપન કર્યુ અને તે રીતે અન્ય ગૃહસ્થો તથા ત્યાગી વર્ગને ધન અને સ્ત્રી પ્રસંગથી દૂર રાખ્યા. ત્યાગી-ગૃહી સૌના ગુરુ એવા આ આચાર્યોનું સ્થાપન શ્રીહરિએ ધર્મ રક્ષણના હેતુઓ માટે જ કર્યું છે. બજારમાં કોઈપણ વસ્તુની સફળતા જોઈને જેમ હલકા હરીફો તે વસ્તુની નકલ કરવા જ માંડે તેમ, આ શુદ્ધ અને નિર્મળ ધર્મ અને તેના અવિભાજ્ય અંગો જેવા ધર્મવંશી આચાર્યશ્રી, સંતો, શાસ્ત્રો, મંદિરો વિગેરેની નકલ કરવાવાળાઓનો આજના યુગમાં તોટો નથી. અમદાવાદની ગાદીનાં આચાર્યશ્રી અને સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આચાર્યપદ **સં. ૨૦૨૫ આસો સુદ બીજથી સં. ૨૦૬૦ આસો સુદ બીજ સુધીના એટલે કે ૩૫** વર્ષના સુદીર્ઘ કાળ સુધી શોભાવ્યું અને વર્તમાનકાળે શ્રીહરિના સાતમા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને આચાર્યપદે પદારૂઢ કરીને પોતે જનહિતની પ્રવૃત્તિ માટે નિવૃત જીવન પસંદ કર્યું છે.

આ ગાદી ઉપર પૂર્વે થઈ ગયેલા પાંચ આચાર્યશ્રીઓ પૈકી આ પહેલી જ ઘટના છે કે ગાદીસ્થ આચાર્ય શારીરિક - આર્થિક - માનસિક સુખ સંપત્તિ ધરાવતા હોવા છતાં પણ માત્ર સત્સંગીજનોની જ નહિ પરંતુ આ વિશ્વમાં વસતા એક આમ-આદમીની સેવા કરવા માટે જ પદનો ત્યાગ કરીને, સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારીને સેવાયજ્ઞમાં જોડાઈ ગયા. સત્તાના ભાર અને બંધનો સિવાય વધુ સારી રીતે સેવા કરી શકાય તેવો આચરણ દ્વારાએજ આપેલો આ ઉપદેશ ભલભલા સંતો-મહંતો-મઠાધિકારીઓ-ધર્મગુરુઓને સ્પર્શી ગયો. દેશ વિદેશમાં બહોળો શિષ્યવર્ગ ધરાવનાર, ત્યાગી ગૃહી અને સંન્યાસીઓ પણ જેના ચરણની રજને શોધે છે, બાઈ-ભાઈ જેના દર્શન માટે તલસે છે, અબાલવૃદ્ધ સૌ કોઈ જેના





સાનિધ્યને ઝંખે છે, મુમુક્ષજનો જેની કૃપાદૃષ્ટિ માટે આખું આયખું ઘસી નાખે છે, તેવા આ ધર્મગુરુ, ધર્મમાર્તંડ, **પ્રાતઃ સ્મરણીય, આચાર્ય શિરોમણી જનહિતાર્થે પ્રવૃત્તિની શરૂઆત કરવા માટે આચાર્યપદેથી નિવૃત્તિ લઈ બેઠા છે !**

સ્વામિનારાયણ ભગવાનને લગભગ ૨૨૮ વર્ષ થઈ ગયાં. તેમણે પોતે ઉપયોગમાં લીધેલી ભૌતિક વસ્તુઓ જેવી કે, વસ્ત્રો, મૂર્તિઓ, ચિત્રાર્યાઓ, પાત્રો, વાહનો ઈત્યાદિક આજે પણ સંપ્રદાયમાં 'As it is' જેમ છે તેમ જ સચવાઈ રહ્યાં છે. **તેના દર્શન-સ્પર્શથી આજે પણ ભગવાનનું પ્રત્યક્ષપણું જરૂર અનુભવાય છે.** આ ચીજ વસ્તુઓમાં શ્રીહરિના સ્પંદનોની હાજરી અનુભવાય છે. સંપ્રદાય પાસે ચિત્રકામ, ભરતકામ, કાષ્ટની કલા કારીગરી, શસ્ત્ર, શાસ્ત્ર વિગેરેના અદ્‌ભુત નમુનાઓ છે. ઊંચા પ્રકારની સાહિત્યની અને લલિતકલાઓની ચીજ-વસ્તુઓ છે.

ભગવાન શ્રીહરિ મનુષ્ય સ્વરૂપે વિચરતા તે વખતે અનેક પ્રસંગોએ પોતે હરિભક્તોની સેવા ભાવનાથી રાજી થઈને તેમને કાપડ-કાગળ ઊપર પોતાના ચરણારવિંદની છાપ પાડી આપતા હતા. અને તેમાં પોતે પોતાનું પ્રત્યક્ષ સ્વરૂપ જણાવતા હતા. જે આ અગણિત બ્રહ્માંડોની ઊત્પતિ કરે છે, જે સર્વે અવતારોના અવતારી છે, જે સર્વે કારણના કારણ છે તેવા આ શ્રીહરિએ મનુષ્યદેહ ધરીને ૪૯ વર્ષ દેહ રાખીને ઘણી બધી ભૌતિક વસ્તુઓનો ઉપયોગ કરીને તે પ્રસાદી આપણા માટે મૂકતા ગયા છે.

કલ્યાણકારી એવી આ મહામૂલી સંપત્તિ જેમની પાસે છે તેઓ ઘણી વખત ભગવાનના આ સ્વરૂપને સુયોગ્ય રીતે જાળવી - સાચવી શકતા નથી. તે સર્વેએ પ્રભુના આ સ્વરૂપને, તે જ પ્રભુના આચાર્ય સ્વરૂપને સમર્પણ કરીને તેની યથાયોગ્ય જાળવણી માટે વિનંતી કરી અને આ ધર્મગુરુએ આ મહા ભગીરથ કાર્યની પૂર્તિનો સંકલ્પ કર્યો. **વચનસિધ્ધ એવા આ મહાપુરુષે અસલ પ્રસાદીની વસ્તુઓની વૈજ્ઞાનિક રીતે જાળવણી માટે એક સુંદર આયોજન કર્યું.**

અત્રે એ નોંધવું ઘટે કે, આ આયોજન - મ્યુઝિયમ એ ઈતિહાસની કોઈ કબર નથી. ત્યાં તો છે ભવ્ય ભૂતકાળમાં ડોકીયું કરવાની એક અમૂલ્ય તક, ભગવાન શ્રીહરિની ઝાંખી કરવાની સજીવ ક્ષણો, સંપ્રદાયના અમર ઈતિહાસને સજીવ બનાવતી ક્ષણો, માનવીને આધ્યાત્મિક અલૌકિક શાંતિનો અહેસાસ કરાવતું વાતાવરણ, પ્રત્યક્ષ પ્રભુના દર્શન-સ્પર્શની અનુભૂતિ કરાવતું સ્થાનક, આસ્થા અને મહિમાની દૃષ્ટિઓની માવજત, પ્રભુ વિષેની કલ્પના શક્તિઓને તિલાંજલી આપીને તેમનો સાક્ષાત્કાર કરાવતું સ્થાન. **વગર મંદિરે પ્રભુની પ્રત્યક્ષ હાજરી અનુભવાય તેવું આ મકાન માત્ર મ્યુઝિયમ કે માત્ર મંદિર નથી. તે તો સંસ્કાર અને સંસ્કૃતિની રખેવાળી કરતું 'સંસ્કૃતાલય' છે.** આ મકાનના ચણતરમાં જેટલું પાણી વપરાયું છે. તેનાથી વધુ તો સત્સંગીઓએ તે માટે પ્રસ્વેદ બિંદુઓ વહાવ્યાં છે. અને તેમની સેવા ભાવનાને સાકાર મૂર્ત સ્વરૂપ આપવાનું ભગીરથ કાર્ય પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ્વીકાર્યું છે.

**વહેતા કાળને પણ થંભી જવા માટે આજ્ઞા કરવાને સમર્થ એવા આ આચાર્યશ્રી** જ્યારે આંખોમાં ઊજાગરાનો થાક, શરીરમાં ભાગ-દોડનું કષ્ટાર્તવ, પંચ કર્મેન્દ્રિયોને સંપૂર્ણપણે ગુલામ બનાવીને આ મ્યુઝિયમની ઓફિસમાં કલાકો સુધી ચર્ચા-વિચારણાની ગોષ્ટિમાં બિરાજમાન હોય ત્યારે તેમના દૈવત્વની ઝાંખી થયા વગર રહેતી નથી.

આજે જ્યારે ધર્મનો ધંધો કરીને બનાવટી પ્રસાદીની વસ્તુઓ વેચવાનો વાયરો ચાલે છે, શ્રધ્ધાળુઓની શ્રધ્ધાને લૂંટવામાં આવી રહી છે, મુમુક્ષુઓની ભાવનાઓ ઉપર કલ્પિત ધર્મ અધિકાર જમાવી રહેલ છે, ધર્મના રક્ષકો એક યા બીજા બહાને સંસ્કારોનો છેદ ઊડાડી રહ્યા છે ત્યારે, ધર્મવંશી આચાર્યોને સ્વયં ભગવાન પાસેથી ઉત્તરોત્તર વારસામાં મળેલી પ્રસાદીની વસ્તુઓની વિશ્વસનીયતા -

Authenticity અતુલ્ય છે. ઘણાને આવી પ્રસાદી વારસામાં મળી છે પણ આજના યુગમાં જ્યાં ઘરના રસોડાની પવિત્રતા સાચવવી મુશ્કેલ બની છે ત્યાં પ્રભુ સ્વરૂપ આ પ્રસાદી પવિત્રતા પૂર્વક જાળવવી ખૂબ મુશ્કેલ છે. આ વિપરીત કળિકાળમાં બાઈ-ભાઈ ભેગાં થઈ ગયાં છે અને ભાઈ-ભાઈ લડી-ઝઘડીને જુદા પડી જાય છે ! અને વારસામાં મળેલી પ્રસાદીની વસ્તુઓના-વસ્ત્રના-ચરણારવિંદના ટૂકડા-ભાગલા-કકડા કરે છે !! આ દેહના ટૂકડા કર્યેથી જેટલું દુઃખ થાય તેનાથી લાખ ઘણું વધારે દુઃખ પ.પૂ. આચાર્યશ્રીએ આ બધું જોઈ-જાણીને અનુભવ્યું છે. આ પરિસ્થિતિ ખૂબ શોચનીય છે. આપણા હૃદયમાં પડેલી અલગતાવાદની રેખાઓ, આ પ્રસાદીની ચીજ-વસ્તુઓ ઉપર દોરાય નહિ. સંજોગો પ્રમાણે આપણું સ્વરૂપ બદલાય તો પણ પ્રસાદીની આ વસ્તુઓનું સ્વરૂપ બદલવું યોગ્ય નથી.

મંદિરોની રચના કાર્ય દરમ્યાન ભગવાન શ્રીહરિ સ્વયં જાતે માથે ઈંટો ઊપાડતા અને સેવા કરતા. આ જ પ્રમાણે **આચાર્યશ્રીએ પણ પોતાની અંગત મહામૂલી મૂડી સમાન પ્રસાદીની અપ્રાપ્ય ચીજ-વસ્તુઓ સમાજને આપવાનો નિર્ધાર કર્યો છે.** અત્રે એ ઉલ્લેખનીય છે કે તેમના પિતાશ્રી અને સંપ્રદાયના અ.નિ.પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પણ તેમની અંગત માલિકીની પ્રસાદીની ઘણી બધી ચીજ-વસ્તુઓ હરિભક્તોના દર્શનાર્થે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અક્ષરભુવનમાં પધરાવી છે. આજે પણ ભક્તજનો તેનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. જાહેર મિલ્કતોનો અંગત ઉપયોગ નહિ પરંતુ અંગત મિલ્કતોને જાહેર ઉપયોગ માટે છુટી મુકી દેવાનો તેમનો નિર્ધાર છે. કેમ કે તેઓશ્રી રાજકીય નેતા નથી, એક ધર્મગુરુ છે. જીવપ્રાણી માત્રનું હિત તેમને હૈયે વસેલું છે. ઘણા મંદિરોમાં પણ પ્રસાદીની ચીજ-વસ્તુઓ જળવાઈ રહેલ છે પણ તે બધી Storage સંગ્રહસ્થાન તરીકે જ છે. જ્યારે અહીં તો આ સર્વે Display દર્શનના હેતુઓ માટે યોગ્ય અને સુવ્યવસ્થિત સ્વરૂપે મુકાશે. તેનાથી દર્શનનું સુખ વધુ આવશે. વધુમાં દરેક ચીજ-વસ્તુઓની સાથે ટૂંકમાં તેની વિગતો-ઈતિહાસ દર્શાવાશે જે તેના માહાત્મ્યની વૃદ્ધિ કરશે અને જ્ઞાન પિપાસા સંતોષશે.

શ્રીજીએ સ્પર્શ કરેલ હોય, ઉપયોગમાં લીધેલ હોય તેવી વસ્તુઓ તો પ્રસાદીની છે જ, પણ તેમાંય પરાત્પર પરમાત્માએ ધારણ કરેલ મનુષ્યદેહના નખ-કેશ-અસ્થિના પણ અહીં દર્શન થશે. તેમના પંચભૌતિક દેહના અવશેષોની ઝાંખીથી પણ રોમાંચિત થઈ જવાય છે. જગતની નાશવંતતા અને પરમાત્માની શાશ્વતતા નયનગોચર થાય છે. અને તેના સ્પર્શ-દર્શન માત્રથી જ પ્રત્યક્ષ પરમાત્માની અનુભૂતિ થાય છે. આ ક્ષુલ્લક માનવ દેહના નખ-કેશ-અસ્થિને અડીને તો આપણે નહાવું પડે અને પરમાત્માના નખ-કેશ-અસ્થિને જો આપણે અડવું હોય તો આપણે નાહીને પવિત્ર થવું પડે ! પછીથી જ તેનો સ્પર્શ થાય !




ભગવાન જ્યારે મનુષ્યદેહે વિચરતા હતા ત્યારે તેઓ સંસ્કૃતના પ્રકાંડ મૂર્ધન્ય પંડિત હતા તે તો તેમની લખેલી શિક્ષાપત્રી ઉપરથી તથા વચનામૃતમાં કરેલી વિશદ્ છણાવટ ઉપરથી જ નિશંકપણે જણાઈ આવે છે. **આ ભગવાનના હસ્તાક્ષરવાળો, દસ્તક જાતે-પોતાની સહીવાળો એકમાત્ર પત્ર આજે સંપ્રદાયમાં છે. પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને વંશપરંપરાગત રીતે પ્રાપ્ત થયેલ આ પત્ર આ આયોજનમાં મોખરાનું સ્થાન મેળવે છે.** તે વખતે બરોડા સ્ટેટના સ્ટેમ્પ પેપર લખાયેલ આ પત્ર ઊપર તે વખતના અંગ્રેજ અમલદારના સહી સિક્કા આ પત્રની Originality અસલિયતની શાખ પૂરે છે. 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી આ પ્રસાદી કરોડો રૂપિયા આપતાં ય મળે તેમ નથી. જેનાં દર્શન થવાં એ જ આ જીવનનું એક સાફલ્ય છે, અનેક જન્મોના તપનું ફળ

છે. એવા આ હસ્તાક્ષરના દર્શન આપણને સૌને થાય તેવો એક માત્ર ધ્યેય લઈને પ.પૂ. આચાર્યશ્રી બેઠા છે. ગંગાનું વહેણ ચાલુ છે. આપણી ચાંચમાં જેટલું બળ હોય તેટલું પાણી પી લેવું, અનેક જન્મોની તૃષા શાંત થઈ જશે.

શ્રીજીમહારાજે તે સમયે સમાધિ પ્રકરણ ચલાવેલું. અહીં બેઠેલી વ્યક્તિ અક્ષરધામમાં શ્રીહરિની સમીપે જતી. ત્યાં ભગવાન તેને ગૌમુખી - માળા-બેરખા-કંઠી વિગેરે આપતા અને આશ્ચર્યોનું મહા આશ્ચર્ય સર્જાતું કે તે ધામની અલૌકિક વસ્તુઓ ભૌતિક સ્વરૂપે હરિભક્ત આ લોકમાં લાવતો. અને તેમાંની કેટલીક વસ્તુઓના અહીં દર્શન થશે. શ્રીજી સ્થાપિત મૂર્તિઓના દર્શનનો મહિમા અનેરો છે તેમ આ પ્રસાદીભૂત ચીજ-વસ્તુઓનો મહિમા અલૌકિક છે.

આજે શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓનું માહાત્મ્ય તે જ રહ્યું છે. પણ ચીજવસ્તુઓ બદલાઈ જવા માંડી છે.



આમાંથી આપણને ઉગારવા માટે આ કપરા ટાણે, આર્ષદૃષ્ટા ધર્મવંશી આચાર્યશ્રીએ મ્યુઝિયમનું આ ભગીરથ કાર્ય શરૂ કર્યું છે. શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદીની રજકણ માટે તો બ્રહ્મા પણ માછલી બન્યા અને તો પણ પ્રસાદી તો પામ્યા જ નહિ. આપણને તો ઘેર બેઠાં આ લાભ મળવાનો છે અને તેથી જ પોતાનું અહોભાગ્ય સમજીને સીધી કે આડકતરી રીતે આ આયોજનમાં સહભાગી થવું.

પૂર્વાચાર્યોએ દીર્ઘદૃષ્ટિ વાપરીને સંપાદન કરેલ અમદાવાદના નારણપુરામાં અંદાજે રૂા. ત્રીસ કરોડની જમીન શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરે ફાળવેલી છે અને તેની ઉપર અંદાજે ૩૧૦૦૦ ચો.વા. વિસ્તારમાં ફેલાયેલું, આશરે ૧,૭૫,૦૦૦ ચો.ફૂટના બાંધકામવાળુ, આશરે ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારું, અતિ આધુનિક દૃશ્ય-શ્રાવ્ય સુવિધાપૂર્ણ, વૈજ્ઞાનિક ઢબે હવા-ઉજાસ-પ્રકાશવાળું, નયનરમ્ય ગોઠવણી, રંગબેરંગી લાઈટસ, ઓડીયો-વીડીયોની સુવિધાયુક્ત, મૂકવામાં આવેલી તમામ ચીજ-વસ્તુઓની વિગતો ઈતિહાસ ઈત્યાદિક આગંતુકના ચિત્તને પ્રભુમય બનાવી મૂકશે. સંશોધનકારો અને સાહિત્યિક વિષય રુચિ ધરાવનારાઓ માટે જ્ઞાનની નવી ક્ષિતિજો ખૂલશે. કલા પ્રેમીઓને ભવ્ય હિન્દુ સંસ્કૃતિનો વારસો અનુભવવા મળશે. દરેક વસ્તુ અહીં તેના મૂળ સ્વરૂપે વધુમાં વધુ લાંબો સમય સચવાઈ રહે તે ધ્યેયપૂર્તિ માટે અદ્યતન વિજ્ઞાનનો સહારો લેવામાં આવશે. દરેક ચીજ-વસ્તુ મૂળભૂત રીતે અસલ પ્રસાદીની છે તેના ઈતિહાસ-વિગતની કાળજીપૂર્વક નોંધ લેવાશે. ટૂંકમાં કહીએ તો, જે જ્ઞાન કલા વારસો અત્યારે પટારાઓમાં ભરેલું પડ્યું છે તે હવે મુમુક્ષુઓને માણવા મળે તેનું આ ભવ્ય આયોજન છે.

ભારત દેશના ભવ્ય વારસાનું જતન કરવું એ આપણો પવિત્ર ધર્મ છે. જો આજે તે તક ચૂકી જવાશે તો જેમ ટીપુ સુલતાનની તલવાર, કોહીનૂર હીરો કે મયુરાસન જેવી ઐતિહાસિક ચીજ વસ્તુઓ આજે વિદેશીઓના હાથોમાં પહોંચી ગઈ છે તેવું જ આ સાંપ્રદાયિક ભવ્ય વારસાનું થશે. જે જમાનામાં સામાજીક કુરિવાજોને નેવે મૂકવા એ કલ્પના બહારની વાત ગણાતી તે વખતે સ્વામિનારાયણના અહિંસા આદિ પંચવ્રતમાનથી આકર્ષાઈ મહાન પંડિતો, રાજાઓ, દરબારો, મઠાધિપતિઓ પોતાના ઘરબાર છોડીને શ્રીજીના આશ્રિત સાધુ થઈ ગયા હતા. વિધર્મી ભક્તજનો પણ તેમની હજુર સેવામાં રહેતા હતા. તેમની પધરામણીઓ પણ ગાયકવાડ જેવા રાજાઓથી માંડી સગરામ વાઘરી જેવા ભક્તજનોના ઘેર થતી. તેમના સંતો સ્ત્રી અને ધનથી જોજનો દૂર રહેતા. **શીલ અને સદાચારના આગ્રહી એવા શ્રી સ્વામિનારાયણ હિન્દુ ધર્મના સંરક્ષક, પોષક હતા એટલું જ નહિ પરંતુ માનવ-જાતમાં ભેદ-ભાવના કટ્ટર વિરોધી હતા.** તેમના ભક્તજનોને તેઓ ઉપદેશતા કે સામેવાળી વ્યક્તિને તમારી તલવાર નહિ પણ તમારો પ્રેમ જ જીતી શકશે.

આ ઈતિહાસને જો આજે પ્રજા સમક્ષ લાવવામાં આવે તો વિશ્વના, માનવીઓના ઘણા પ્રશ્નોનું સુખદ નિરાકરણ તાત્કાલિક આવે. તેમણે આ લોકમાં જીવન જીવતાં શિખવાડ્યું. અત્યારે માનવી જ્યારે જીવનપથ ઊપર ભૂલો પડીને ભટકી રહ્યો છે ત્યારે માર્ગદર્શિકા જેવી શિક્ષાપત્રી સમાજને સાચો રાહ જરૂર બતાવશે.

જે વારસાના જતન માટે પૂ. આચાર્યશ્રી મહેનત કરી રહ્યા છે તે વારસો માત્ર સંપ્રદાયનો નથી, માત્ર હિન્દુઓનો નથી, પણ સમગ્ર માનવજાતનો છે. આ વાત પથ્થર ઊપર લકીર સમાન છે. વિરાસતની જાળવણી - સાચવણીનું કાર્ય સરકારનું પુરાતત્વ ખાતું પણ કરે છે. વારસામાં મળેલી મિલ્કતો, સંસ્કાર અને વિચારો પ્રત્યે માનવ જાતને એક ગજબનું આકર્ષણ છે. આચાર્યશ્રીનું આ કદમ જન સમાજની વર્તમાન માંગને સંતોષશે. દીર્ઘદ્રષ્ટા મહાપુરુષની આ વાત કદાચ સંકુચિત મનના માનવીને સમજાશે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે. માટે આજથી જ તેમના વચનમાં વિશ્વાસ મુકીને સૌ કોઈ યત્કિંચિતપણે સહાય કરીને તેમના કાર્યમાં સહભાગી થવું એ આવતી પેઢીઓના સંસ્કાર અને સંસ્કૃતિની જાળવણી માટેની મહાસેવા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ કાર્ય અંગે કોઈપણ જાતની સરકારની મદદની અપેક્ષા રાખી નથી અને લીધી પણ નથી. **આખી જીંદગી પર્યંત જેણે અયાચક વ્રત લીધું છે, અંગત ઊપયોગ માટે કદાપિ પણ કોઈનું ધન કે ચીજ-વસ્તુ લીધાં નથી, તેવા આ નિષ્કંચન વ્રતધારી આચાર્યશ્રી વચનામૃત ગ.મ. ૨૧ના શ્રીહરિના અભિપ્રાયને ટાંકીને જણાવે છે** કે, "..... માટે તે નિમિત્ત શ્રધ્ધા વિના કોઈને પ્રેરવું નહિ..... પણ સહેજે થાય તે ખરું પણ આગ્રહ કરીને કોઈ વાત કરવી નહિ, અને એ નરનારાયણદેવને પોતાની શ્રધ્ધાએ કરીને ધરતી, વાડી, ગામ ગરાસ આપે તે સુખે આપે પણ આપણે કોઈને બળાત્કારે પ્રેરવું નહિ." આ મહાયજ્ઞમાં ફંડફાળા માટે કોઈને દુરાગ્રહ નથી. તેઓશ્રીનો આગ્રહ માત્ર એટલો જ છે કે સૌ કોઈ શ્રીજીના આ કાર્યમાં કોઈપણ પ્રકારે સહાયરૂપ થાવ. તેઓશ્રી તો વારંવાર કહે છે કે અહીં દર્શને તો જરૂરાજરૂર આવજ્યો અને તો પણ અમારો દાખડો સફળ થશે. જેમની પાસે લક્ષ્મી છે તેઓ સમજે કે, લક્ષ્મીજી તો ચંચળ છે પણ નારાયણ તો સ્થિર છે. **સત્તા અને લક્ષ્મી ગમે ત્યારે ગમે ત્યાં જતી રહે તેના કરતાં તેને ધર્મના માર્ગે વહેવડાવી દઈને પુણ્ય કમાઈ લેવું સારું છે.** ધનનો સદુપયોગ આપનાર અને લેનાર બંનેને અલૌકિક આનંદ આપશે. ભરતખંડમાં આવેલા ભારત દેશમાં, આવું ધર્મ કાર્ય સમર્થ ધર્મગુરુના નેજા હેઠળ થતું હોય ત્યારે તેમાં યથાશક્તિ ડૂબકી મારવી, તે મુમુક્ષુ જનોના હિતાર્થે છે. 'કફનને ક્યારેય ખિસ્સું હોતું નથી' એ ઉક્તિને ડાહ્યો માણસ ક્યારેય અવગણે નહિ.

આપણે સૌ પરમકૃપાળુ પરમાત્મા શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરીએ કે આચાર્યશ્રીનો આ સંકલ્પ જલદીથી પરિપૂર્ણ થાય ને આવાં દર્શન કરવા આપણે સૌ ભાગ્યશાળી થઈએ.

**ચાલો આપણે પણ આમાંથી પ્રેરણા લઈએ**

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના અનન્ય નિષ્ઠાવાળા પ.ભ. જયેશભાઈ રમણલાલ સોનીના ચિ. પુત્ર પરીનના લગ્ન પ્રસંગે પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આશીર્વાદ આપવા પધાર્યા હતા. ત્યારે શ્રી જયેશભાઈ પુત્રના લગ્નમાં સર્વોપરિ શ્રીજી મહારાજનું સ્વરૂપ પધારે તે તેમના જીવન માટે અમૂલ્ય પ્રસંગ હતો. તેથી તેમણે મનોમન સંકલ્પ કરી લીધો કે મને અવસર મળ્યો છે તો પૂ. મહારાજશ્રીને રાજી-પ્રસન્ન કરી લેવા. અને મારો પરલોક સુધારી લેવો. જેથી પોતાના વ્હાલસોયા પુત્રના લગ્નમાં આવેલ તમામ ચાંદલાની રકમ રૂા. ૩૨,૫૦૧-૦૦ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" નિર્માણમાં દાનરૂપે શ્રીચરણમાં અર્પણ કરી દીધી !

શું આપણને આ પ્રસંગ વાંચીને પ્રેરણા લેવા જેવું નથી લાગતું ! વ્યવહારમાં લાખો-કરોડો ખર્ચીને છેવટે તો આ લોકને રાજી કરવાના ને ! પણ આપણે આપણા જીવનું કેમ રૂડું અને શ્રેય થાય તેવા પ્રયત્ન કરીને આવા પ્રસંગમાંથી પ્રેરક બનીને આલોક સુધારી લેવો. તેજ આવા પ્રસંગનું હાર્દ છે.

*(બ્ર.પૂ. રાજેશ્વરાનંદજી)*

# ભગવત ભજન

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જમીયતપુરા (મહંત સ્વામી, માણસા)

ભગવત ભજનની તન્મયતાએ મીરાના હળાહળ ઝેર ભરેલા દુધના કટોરા અમૃત તુલ્ય કર્યા. અને કરંડીયામાં સંઘરેલા સાપ ઉપર ભજનના સુખ નિતરતી નજરુ પડતા ફુલના હાર બની ગયાના દૃષ્ટાંતોથી કંડારાતી ભજનની કેડી અનહદ સુખદાયી, શાંતિપ્રદ અને સંતોષી હિમ શૈયા જેવી ભગવત સ્વરૂપમાં થીજવી દેનારી છે. ભક્ત કવિ નરસિંહ મહેતાની હુંડી સ્વીકારવાની હોય કે કુંવરબાઈનું મામેરૂ ભરવાનું હોય તેને મન સઘળા ટાણા સાચવવાનું અમોઘ આર્તહૃદયે ભગવત ભજનની કાકલુદી કરવા સિવાય અન્ય કોઈ ઉપાય હતો જ નહિ. મહારથી જેવા પાંચ પાંચ પાંડવોએ હોડમાં મુકેલી દ્રોપદીના વસ્ત્રો ઉપર દુષ્ટ દુઃશાસનનો હાથ પડ્યો ત્યારે દિવ્ય દેહધારી પ્રભુ દૂર ન્હોતા છતાં અન્ય સર્વથી નિરાશ થયા પછી પોતાના બાહુબળ પણ પાંગળા અનુભવાયા ત્યારેથાકી હારીને જે આર્તનાદથી પોકાર છેડાયો તે 'હરિ ભરજ' હતું. અને આવા ભજન સુણી પ્રભુ પળનોય વિલંબ વિના રક્ષા કરવા તત્પર થઈ જાય છે. આવા ભજન વિશે ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગ.મ. ૪૯ માં લખે છે કે "માટે અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે તૃપ્તિ થતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું.



ભગવત્ ભજન તો અનન્ય આશરો તથા અતૂટ વિશ્વાસનો પરિપાક છે. પંખીને માળો ને ઢોરને ખીલો તેમા શ્રીહરિના સ્વરૂપની સ્મૃતિ સભર અખંડ રટના લાગી જવી એજ જીવને પરમ આશ્રય સ્થાન છે. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, નામીએ સહિત નામ રટણ કરવું. નામ તે ફુલ છે. અને નામી તે ફળ છે. સ્વરૂપના ચિન્હ ચરિત્રને ચેષ્ટાના આલોચન સહિત ભજનને સર્વ શ્રેષ્ઠ ઈલકાબ મળેલો છે. વિઘ્ન હર્તા અને સુખકર્તા હરિવરનો નિશ્ચય થયા પછી તો જેમ પીરસાયેલી થાળી ભોજનનું સુખ આપે તેમ નામ સ્મરણમાંથી મૂર્તિનું સુખ અવિરતપણે ઝરતું રહે છે..

રાજ દરબારમાં ભગતડાની ભીડ જોઈ ગુસ્સે ભરાયેલા બાપુ એભલ ખાચરે મ્યાનમાંથી તલવાર ખેંચી ત્યારે લાડુબા અને જીવુબાના ભજનના સુરે હરિવરને ઢંઢોળ્યા ને મૂર્તિમાંથી પ્રત્યક્ષપણે પ્રગટ થઈ બાપુનો સાક્ષી ભેદવા પ્રભુને પણ મજબૂર કરી દીધા. એવી પ્રબળ તાકાત એ સ્મૃતિભરી પ્રાર્થનારૂપી ભજનમાં હતી. આવા ભજનની દોરને મજબુત કરાવતા ભગવાન સ્વામિનારાયણ ગ.મ. ૨૨ ના વચનામૃતમાં કહે છે કે, "ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણી ને ઝીલી રાખવી પણ તેને મૂકવી જ નહિ. તો એને સર્વે વાતની સિધ્ધિ થશે." પ્રેમ તણા કાચા તાંતણીયે આવીને બંધાય, વાલો ભક્તિને વશ થાય." સરોદા, ઢોલ, મંજીરાને તાળીઓના તાલે ભજન થાય અથવા પ્રેમાનંદ સ્વામીના સિતારના સૂર રેલાય ને સહજાનંદજીના ઢોલીયા તણાય, પ્રેમ સખી બેઠા બેઠા ગાયને ઘેલા તીરે વાલીડો રાત આખી ઉભો ઉભો સાંભળે તો કોઈ સાધુનો ઉંઘમાં હડીયો હલવા માંડે કે પડખું ફરતા હે મહારાજ, હે મહારાજ જેવા શબ્દો સરી પડે. કોઈ કઠણ કષ્ટમાં કે કોઈ સુખના ઓડકારમાં પ્રભુનો સથવારો સાચવવા જે શબ્દ ઉચ્ચારણો છેડે તે સઘળું ભજન છે. તેમાં ગદ્ય પદ્યનો કોઈ મેળ નથી. ત્યાંતો સખી ભૂદર ભૂખ્યા છે ભાવનો."

દુરિજનના દ્વેષથી નાક કાન કાપવા ઓરડીમાં બંધીવાન થયેલા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી તથા સ.ગુ. મુક્તાનંદ સ્વામીની ધીરજ રૂપી દોરી સંચારથી ભગવાને અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિમાં પ્રવેશ

કરીને જે રક્ષા કરી તે પણ ભજનનો જ એક પ્રકાર હતો. તેલ ધારા વૃત્તિથી અખંડ વૃત્તિ રાખવી તેથી પણ નિશ્ચયરૂપ ભજનાનંદીના તો કર્મ માત્ર ભક્તિરૂપ બની જાય છે.

"જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી" ગ.મ. ૪૧ ના વચનામૃતમાં આ વાત કરીને તો શ્રીહરિએ કમાલ કરી નાખી જેને ભગવાન ભજવા હોય..... ભજનની જ વાત કરે છે પણ ભજનની સમૂળગી રીત ફેરવી નાખી છે. ભગવાન કે ભગવાનના ભક્ત સંબંધી જે કાંઈ સેવા ચાકરી ને પ્રવૃત્તિને જ ખરૂ ભજન છે. સામાન્ય રીતે માળા ધ્યાન કે વાજીંત્રો સહિતનું ગાન એજ ભજનનું માધ્મય મનાય છે. પણ અહીં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા મુજબ સંતો કે હરિભક્તો પરસ્પર એકમેકને અર્થે સત્સંગમાં જે કાંઈ કરી રહ્યા છે તે સઘળું ભજન છે. જો પોતાના મોટા ભાગ્ય માનીને કરતા હોઈએ તો !! સમગ્ર સત્સંગ સમાજને આ વાતથી મહારાજે દોડતો કરી મૂક્યો, આળસ પ્રમાદ ખંખેરીને સતત પ્રવૃત્તિશીલ બનાવી દીધો. આપો આપ સૌને આદર્શ નિષ્કામ કર્મયોગી કરી દીધા. ભોયરા ગામમાં આસુરી વૃત્તિના ઠાકોર વાસુર ખાચરે ભગવત ભકત નાજા જોગીયાને જેલમાં પૂરી ભગવાનને હાજર કરવા રાતભરની મોહલત આપી અને નહિ તો ઘુંટણ ભાંગી નાખવાની ધમકી પણ ભેગી ઉમેરી. એ ઘડીએ નાજા ભક્તના અંતરની વેદના સાંભળીને પ્રભુએ જે હરણફાળ દોડ ભરીતી તે આજ સુધી વણથંભી અનંત બ્રહ્માંડોમાં ફરી વળી છે. ખૂંણે ખાંચરે ભીડે ભીંસાયેલો ભક્ત પ્રભુને પોકારતો રહ્યો છે ને ભીડ ભાંગવા પ્રભુ વિવિધ સ્વરૂપોએ દોડતા રહ્યા છે. છાતી પર ખાટલાના પાયાની ભીંસ વધતા રામબાઈની પ્રાર્થનાનો પોકાર સાંભળી શ્રીહરિએ નદીના પાણી વચ્ચે કેડી કરીને રામબાઈને ગઢડે પહોંચાડી દીધા.

ગઢપુરમાં રહી બોચાસણમાં કાશીદાસના ઘર ઓલવ્યા ત્યારે તો મહારાજ ના હાથની હથેળીઓ દાઝીને રાતીચોળ થઈ ગયેલી. એ પણ પ્રેમીભક્તના પોકારનો હોકાર જ હતોને !

એક હરિભક્ત મધરાતે પડખું ફેરવા સ્વામિનારાયણ .... સ્વામિનારાયણ .... બોલ્યા ત્યાંતો ઘરની ખડકીની સાંકળ ખખડીને બારણા ખોલવા માણકીનાં અસવારને નિહાળ્યા. સહજતાથી પૂછાઈ ગયું કે, મહારાજ આ ટાણે? તો મહારાજ કહે "તમે સાદ કર્યો તો" ? અરે મહારાજ, હવે તો અમારે રાતદાડો શ્વાસોશ્વાસે ભજન કરવાના હેવા પડી ગયા છે....." તો અમારે પણ પ્રત્યેક સાદે હોકારો દેવાના યુગોથી હેવા પડેલા છે. આ તો શ્રધ્ધાની વૃધ્ધિને પ્રતિતીની દ્રઢતા કરાવવા આજે પ્રત્યક્ષ દર્શન આપી દીધા. તમ જેવા ભક્તો સાથે ભજનમાં જોડાઈ જવાનું તો અમને પણ બહુ મન થાય છે." અને ભગવાનના કથા કીર્તનાદિક કરતા હોઈએ ત્યારે તો એવી મસ્તાઈ આવે છે જે, જાણીએ દિવાના થઈ જવાશે." વ.ગ.અં.ના ૧૩ માં ગુલતાન થઈ જતા ભજનની અલમસ્તાઈનું દર્શન કરાવ્યું. તો વ.ગ.મ. ૪૮ માં લખે છે કે, "કોઈ નિમિત્ત ઉભુ કરીને પણ આવા સંતના મધ્યે જન્મ ધરવાની વાસના રહે છે." આમ વિવિધ પ્રકારે ભજનના ભાનમાં તાલ પરોવી પ્રભુ પણ તેના પર ન્યૌછાવર થઈ જાય છે. ત્યારે ચાલો સમગ્ર જ્ઞાનના ફળરૂપી મૂર્તિની સ્મૃતિસભર ભજનમાં આપણે પણ આપણો તાલ પરોવી લઈએ.....

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુરમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ**

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવવાનું કે, સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં સૌ પ્રથમ નિર્માણ કરાવેલ વિશ્વ પ્રસિદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુરના નવા મહંત સ્વામી તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. ચિતારા સ્વામી બળદેવપ્રસાદદાસજીને તા. ૧૪-૧-૨૦૦૯ ઉત્તરાયણના શુભ દિને નિયુક્ત કર્યા છે.

**નારાયણઘાટ મંદિરમાં જોઈન્ટ મહંત સ્વામીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટના હાલના સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની સાથે જોઈન્ટ મહંત પદે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી કોટેશ્વર ગુરુકુળ)ને નિયુક્ત કર્યા છે.

# આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ આપેલા પરચા

સંકલન : પ.ભ. દિનેશભાઈ કે. ભગત (અમદાવાદ)

આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ મહાન પ્રતાપી, ઐશ્વર્યવાળા અને વચનસિદ્ધ મહામાનવ હતા.

વડોદરના દીવાનજીએ શ્રીજી મહારાજનો ખૂબજ દ્રોહ કરેલો. તેથી અંત સમયે દુઃખી દુઃખી થઈ ગયા. ગાયકવાડ સરકારે વાર્ષિક સાઈઠ હજારનું પેન્શન બાંધી આપેલું તે પણ બંધ કર્યું અને વડોદરાથી કાઢી મૂક્યા, તે અમદાવાદમાં આવી રહ્યા. દિવાનજીના કાકા રાવ સાહેબે પોતાની પાસે પાળીયાદ નિવાસી સત્સંગી શ્રી ઝૂમખરામની પોતાના ભત્રીજા દીવાનજીની વિતક કથા કહી અને પૂછ્યું કે આનો ઉપાય હોય તો બતાવો.

ઝૂમખરામભાઈએ કહ્યું કે જેમનો દ્રોહ કર્યો હતો તે સ્વામિનારાયણ ભગવાન તો સ્વધામ પધાર્યા છે પણ તેમના પુત્ર આચાર્ય મહારાજશ્રીને પ્રાર્થના કરો તો કામ થઈ જશે. અયોધ્યાપ્રસાદજી મહારાજને ઘણી પ્રાર્થના કરી દીવાનજીના ઘેર પધરામણી કરાવી અને સંતો સહિત આચાર્ય મહારાજશ્રીને વિનય કરી જમાડ્યા. તેના પુત્રે મહારાજની સેવા કરી અને સંતોને વસ્ત્રો ઓઢાડ્યા અને આચાર્ય મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી તેથી તેમના આશીર્વાદથી ચમત્કાર થયો. ગાયકવાડ સરકારે દીવાનજીને વડોદરા બોલાવ્યા અને મહિના પછી તેમનું પેન્શન ગાયકવાડ સરકારે ચાલુ કર્યું. આવો મહાપ્રતાપ આચાર્ય મહારાજે કરૂણા કરી દીવાનજી ઉપર વરસાવ્યો.

પૂજ્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રથમ સ્વપ્નમાં પોતાને ઘેર ઘનશ્યામ મહારાજને દીઠેલા. તે જ્યારે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત આવ્યા ત્યારે કારીયાણીના વસ્તાખાચરના દરબારમાં દીઠા. તે જોઈને શ્રીજી મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો.

અયોધ્યાપ્રસાદજી મહારાજે વાત કરી કે સંવત ૧૯૦૭ ની સાલમાં અમે વડતાલ ગયેલા અને ત્યાં સર્વે સાધુ હરિભક્તોની સભામાં અમે બે ભાઈઓ - પોતે તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાટ ઉપર બેઠા હતા. તે વખતે મેં અંતદૃષ્ટિ કરીને હૃદયમાં જોયું ત્યારે હૃદયને વિષે તેજમાં અતિ તેજોમય શ્રીજી મહારાજ દેખાયા - એમ ઘણીવાર દેખાયા અને પછી ન દેખાયા.

## હરિદ્વાર મંદિરમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી (મૂળી) ને નિયુક્ત કર્યા છે. જ્યાં દર્શનાર્થે પધારતા યાત્રિકોને ઉતારા-પાણીની સુંદર વ્યવસ્થા મળશે.

શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર
કનખલરોડ, શંકરાચાર્ય ચોક (યુ.પી.)
ફોન નં. : ૦૧૩૩૪ - ૨૪૧૪૦૭

## આપણા દરેક હરિ મંદિરોના કોઠારીશ્રીને ખાસ સૂચના

આપણા શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના હરિ મંદિરોના કોઠારીશ્રીઓને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જણાવવામાં આવે છે કે મંદિરના સિંહાસનમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પ્રાણ પ્રતિષ્ઠા કરેલ શ્રીહરિના સ્વરૂપો સિવાય અન્ય કોઈ મૂર્તિ-ફોટા-ચિત્ર, કેલેન્ડર, પત્રિકા વગેરે સિંહાસનમાં પધરાવવા કે મૂકવા કે ચોડવા નહિ. તેની ખાસ કોઠારીશ્રી અને ગામના હરિભક્તોએ નોંધ લેવી. *(મહંત સ્વામી)*

# શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**શ્રી નરનારાયણદેવની મૂર્તિઓનો અતિ અદ્‌ભુત ઈતિહાસ :** આપણા શાસ્ત્રોના આધારે જુલાઈ-૨૦૦૭ ના અંકમાં આ બાબત બહુજ ટૂંકો ઈતિહાસ રજુ થયેલ. પરંતુ શ્રી નરનારાયણદેવને પોતાની મૂર્તિઓનો ખરો ઈતિહાસ જણાવવાની ઈચ્છા હશે તેથી શ્રીજી મહારાજની પ્રેરણાથી સ.ગુ.શા.સ્વા. શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી લિખિત અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ એ નામનું પુસ્તક મારા હાથમાં આવ્યું ત્યારે ખરૂં રહસ્ય જાણીને હું પણ અતિ આશ્ચર્ય પામ્યો. અને આ ઈતિહાસનો આજે પણ ઘણાં હરિભક્તોને ખ્યાલ નહીં હોય તેવું વિચારી પ્રસાદીના સ્થળોમાં જ સમાવેશ કરું છું.



પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતો હોવાથી તે અંગે સંતો, હરિભક્તો સાથે કેટલોક વિચાર વિમર્શ કરી શ્રીહરિ મંદિરમાં પોઢવા પધાર્યા ત્યારે અરધી રાત્રીએ આગેવાન સંતો એકાંતમાં શ્રીહરિને મળી પૂછવા લાગ્યા કે પ્રભો ! પ્રતિષ્ઠાનો દિવસ નજીકમાં આવ્યો અને શ્રીનરનારાયણદેવની મોટી મૂર્તિઓ લેવા સંતો ગયા છે તેઓ હજી મૂર્તિઓ લઈને આવ્યા નથી. મૂર્તિઓને વિધિ માટે યજ્ઞમંડપમાં વેદિકા ઉપર પધરાવવાનો સમય થઈ ગયો છે. જે મૂર્તિઓ પ્રથમ લાવ્યા છીએ તે નાની છે તો મૂર્તિઓનું શું થશે ? એમ વાતો કરે છે ત્યાં તો બહાર દરવાજે આવીને કોઈક લાકડી વડે દરવાજો ખખડાવીને સાદ કર્યો દરવાજો ઉઘાડજો. ત્યારે દરવાણીએ તપાસ કરી ખાતરી કરી પછી કોઠારી પાસેથી ચાવીઓ લઈને દરવાજો ઉઘાડ્યો એટલે ઊંટ વાળો મંદિરમાં આવીને બોલ્યો કે આ તમારી મૂર્તિઓ ઉતારી અને આ કાગળ વાંચો. પછી સંતોએ મૂર્તિઓ ઉતારી લીધી. કાગળ વાંચ્યો તો અંદર લખેલું જે અમાસના દિવસે દિવસ આથમ્યે રબારીના ઊંટ ઉપર મૂર્તિઓ ચઢાવીને ઊંટ રવાના કર્યો છે તે બીજા દિવસ સવારમાં ત્યાં પહોંચશે તે સંભાળી લેજો. પછી શ્રીહરિએ તથા સંતોએ ઊંટવાળાને કહ્યું જે ઊંટને અહીં બાંધીને થોડો નાસ્તો કરી આરામ કરો. ત્યારે ઊંટવાળો બોલ્યો જે ના, મારે તો મારા બીજા ઊંટ છે. ત્યાં જવું છે. એમ કહીને ચાલ્યો, દરવાજા બહાર ગયો. સંતોએ બરાબર ધ્યાન રાખ્યું કે એ ક્યાં જાય છે, તો તે દરવાજા બહાર થોડે દૂર જઈને અદ્રશ્ય થઈ ગયો. આ જાણી બધા આશ્ચર્ય પામ્યા, અને તેથી દરેકે એમ માન્યું જે આ તો શ્રીહરિની ઈચ્છાથી અલૌકિક દૈવી રીતે આ મૂર્તિઓ અહીં આવી છે. પછી શ્રીહરિએ તે જ વખતે મૂર્તિઓ છોડાવીને નિરખીને તથા મૂર્તિઓ ઉપર ચારે તરફ બરાબર હાથ ફેરવીને જોઈ પછી બોલ્યા કે ચાર સનકાદિકોએ સહિત મૂર્તિઓ સુંદર અને ઉંચાઈમાં પણ બરાબર શોભે તેવી સરસ જોઈતી હતી તેવી જ આવી છે. એમ મૂર્તિઓના ખૂબ વખાણ કર્યા. મૂર્તિઓ જોઈ સંતો-હરિભક્તો પણ ખૂબ રાજી થયા. પછી શ્વેત વસ્ત્રો પહેરાવીને સવારે વિપ્રોને બોલાવી વિધિપૂર્વક મૂર્તિઓને ધાન્યાદિક વાસમાં મૂકાવી દીધી.

બીજા દિવસે જે સંતો ડુંગરપુર મૂર્તિઓ લેવા ગયા હતા તેઓ આવ્યા. શ્રીજી મહારાજના દર્શન કરી સંતો બેઠા. ત્યારે શ્રીજી મહારાજે સંતોને કહ્યું કે જેવી જોઈતી હતી તેવી સુંદર મૂર્તિઓ લાવ્યા તેથી અમો તથા બીજા બધા ખૂબ રાજી થયા છીએ. ત્યારે તે સંતો બોલ્યા જે મૂર્તિઓ તો આપની પ્રેરણા અને મરજીથી સ્વેચ્છાથી આવી છે. કારણ કે અમો મૂર્તિઓ જલદી બનાવી આપવા સલાટને કહી કહીને થાક્યા કારણ પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતો હતો, પરંતુ સલાટને બીજું ઉતાવળનું ઘણું જ કામ હતું.

તેથી મૂર્તિઓ સમયસર ન બનાવી શક્યો. પ્રતિષ્ઠાનો દિવસ બિલકુલ નજીકમાં જ આવ્યો જાણી અમને ઘણી જ ચિંતા થઈ પણ બીજો કોઈ ઉપાય હતો નહિ તેથી આમાં રસ્તો કાઢવા અમોએ આપનું પ્રાર્થના પૂર્વક ખૂબ સ્મરણ કર્યું. ત્યારે આપની ઈચ્છા અને પ્રેરણાથી એકાદશીની રાત્રે આ મૂર્તિઓએ દિવ્યરૂપે આવી અમને દર્શન આપી કહ્યું કે પથ્થરની અમૂક ખાણથી જમણી તરફના ખેતરમાં અમૂક જગ્યાએ થોડું ખોદજ્યો એટલે ત્યાંથી ચાર સનકાદિકોએ સહિત અમારી (શ્રી નરનારાયણદેવની) બે સુંદર મૂર્તિઓ નીકળશે. એમ કહી તથા તે અંગેની બીજી તમામ માહિતી આપીને તે મૂર્તિઓ અદ્રશ્ય થઈ ગઈ. તેવી જ રીતે તે જ રાત્રે મૂર્તિઓ બનાવનાર કારીગરને પણ આજ મૂર્તિઓએ દર્શન આપી અમને કહ્યું હતું તેજ પ્રમાણે તેને કહ્યું. પછી કારીગર સવારમાં વહેલો ઉઠી અમારી પાસે આવ્યો ને રાત્રે બનેલી બધી વાત કરી એટલે અમોએ પણ રાત્રે બનેલી બધી વાત કરી. પછી અમો બધા તે ખેતરના માલિક ખેડૂત પાસે જઈ ને કહ્યું કે તમારા ખેતરમાં અમૂક જગ્યાએ શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ દાટેલી પડી છે તે ખોદીને કાઢવાની અંમને રજા આપો. ત્યારે તે ખેડૂતે પૂછ્યું જે ત્યાં મૂર્તિઓ ક્યાંથી હોય તે તમો જાણતા હોય તે મને કહો. ત્યારે અમોએ કહ્યું જે આજે રાત્રે તે મૂર્તિઓએ અમોને દર્શન આપી કહ્યું કે તે મૂર્તિઓ ભગવાન શ્રીકૃષ્ણ એક વખત બદરિકાશ્રમમાં પધાર્યા હતા ત્યારે ત્યાં શ્રીકૃષ્ણ ભગવાને વિચાર કર્યો કે શ્રી નરનારાયણદેવ ભરતખંડના મુખ્ય દેવ (અધિપતિ) અને રાજા છે અને ભરતખંડની પ્રજાના સુખ માટે તપ કરે છે. પરંતુ ભરતખંડમાં ક્યાંય પણ શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ પધરાવેલ નથી તેથી ભરતખંડની પ્રજાને તેમના દર્શન થતા નથી. એટલું જ નહિ પણ માણસો તેમને જાણતા પણ નથી. માટે ભરતખંડની પ્રજાના સુખને માટે ભરતખંડમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની સ્થાપના કરવી જોઈએ. પરંતુ ભરતખંડના કારીગરોએ શ્રીનરનારાયણદેવને જોયા નથી એટલે તેઓ તેમની મૂર્તિઓ કેવી રીતે બનાવી શકે ? માટે શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ અહીં બદરિકાશ્રમમાંથી જ લઈ જઈએ તો સારું એમ વિચાર કરી ભગવાન શ્રીકૃષ્ણ બદરિકાશ્રમમાંથી શ્રી નરનારાયણદેવની તૈયાર મૂર્તિઓ પોતાની સાથે ભરતખંડમાં લાવ્યા. પરંતુ મૂર્તિઓને સ્થાપન કરવા મંદિર તૈયાર કરાવતા સુધી તે મૂર્તિઓ સુરક્ષિત ક્યાં રાખવી તેનો પૂર્વાપરનો બધો વિચાર કરી નક્કી કર્યું કે મૂર્તિઓ બનાવનાર કારીગરોના મુખ્ય મથક ડુંગરપુર ગામમાં કોઈ સારા કારીગરને ત્યાં આ મૂર્તિઓ બરાબર સચવાય, એટલું જ નહિ પણ તેઓ આ મૂર્તિઓ જોઈને આવી નાની મોટી બીજી મૂર્તિઓ બનાવે જેથી શ્રી નરનારાયણદેવની મૂર્તિઓનો ભારતમાં પ્રચાર થાય અને તેથી માણસો શ્રી નરનારાયણદેવને જાણે. પછી શ્રીકૃષ્ણ ભગવાને ડુંગરપુરમાં એક સારા કારીગરને આ મૂર્તિઓ બરાબર સાચવીને રાખવાની ભલામણ કરી મૂર્તિઓ તેને સોંપી અને કહ્યું કે અમારે જ્યારે જોઈશે ત્યારે અમો આ અસલ મૂર્તિઓ મંગાવી લઈશું. આવી બીજી નાની મોટી મૂર્તિઓ તમો બનાવજો. ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકા પધાર્યા.

પછી ભગવાને પોતાનું અવતાર કાર્ય પૂર્ણ કરી મહા ઉદ્ધત બનેલા યાદવો ને પરસ્પર લડાઈ કરાવી નાશ કર્યા. પછી મનુષ્ય ચરિત્ર કરતા ભગવાન શ્રીકૃષ્ણ ઉદાસ થઈ પીપળાનું વૃક્ષ નીચે બેઠા. ત્યાં મૈત્રેય ઋષિને તથા ઉદ્ધવજીને પોતાનું જ્ઞાન આપી ત્યાંથી રવાના કર્યા. પોતાની મરજીથી પારધીના બાણને નિમિત્ત બનાવી પોતે પોતાના ગોલોક ધામમાં પધાર્યા. તે વાત જેને ત્યાં મૂર્તિઓ મૂકી હતી તે કારીગરે જ્યારે જાણી ત્યારે તે કારીગર વિચાર કરવા લાગ્યો કે હવે મારે આ મૂર્તિઓનું શું કરવું ? ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુએ તે કારીગરને દર્શન આપી કહ્યું કે અત્યારે આ મૂર્તિઓ તું બીજા કોઈને આપીશ નહી પણ કોઈ સારી જગ્યાએ જમીનમાં દાટી દેજે. કળિયુગમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થશે. તેઓ શ્રીનગર (અમદાવાદ)માં મોટું મંદિર બંધાવશે તેમાં પધરાવવા માટે તેઓ અંતર્યામીપણે આ બધું જાણીને આ મૂર્તિઓને મંગાલી વેશે અને શ્રીનગરમાં બંધાવેલા મંદિરમાં પધરાવશે. એટલે તે વખતે તે કારીગરે તે મૂર્તિઓને જમીનમાં દાટી દીધી હતી. એમ અમને તે મૂર્તિઓએ આજે રાત્રે દર્શન દઈને કહ્યું અને જગ્યાનું નિશાન પણ બતાવ્યું છે. માટે તમે સાથે ચાલો.

ત્યારે તે ખેડૂતે ત્યાંથી મૂર્તિઓ કાઢવાની રજા આપી અને સાથે પણ આવ્યો. પછી મૂર્તિઓએ કહેલા એંધાણ પ્રમાણે તે જગ્યાએ અમોએ ખોદીને મૂર્તિઓ કાઢી. તે જોઈ બધા આશ્ચર્ય પામ્યા. પછી તે મૂર્તિઓને જલદી સાફ કરી તૈયાર કરી પછી આ મૂર્તિઓને જેમ બને તેમ જલદી અમદાવાદ પહોંચાડવાની વ્યવસ્થા કેવી રીતે કરવી તેનો અમો વિચાર કરતા હતા ત્યાં તે કારીગરના જાણીતા ઊંટવાળાના જેવું જ રૂપ લઈને એક ઊંટવાળો ત્યાં આવ્યો અને બોલ્યો કે મારે આજે અત્યારે અમદાવાદ જવાનું છે. તમારે ત્યાંનું કાંઈ કામ હોય તો કહો. ત્યારે તે સલાટે તેને

કહ્યું જે આ મૂર્તિઓ અમદાવાદમાં સ્વામિનારાયણ મંદિરમાં કાલ સવાર સુધીમાં પહોંચાડવાની છે. ત્યારે તે ઊંટવાળો બોલ્યો કે તમે શા માટે ગભરાઓ છો ? કાલે સવાર પહેલા જ ત્યાં પહોંચાડી દઈશ. આ ઊંટ હું હમણાં જ મારવાડમાંથી લાવ્યો છું. તે એક દિવસમાં બસો ગાઉ ચાલે છે. માટે તમે ફીકર ન કરશો. પછી અમે બધાએ મળીને મૂર્તિઓને નુકશાંન ન થાય તેમ સારી રીતે ગોઠવીને ઊંટ ઉપર બાંધી દીધી એટલે તે ચાલ્યો. પછી તે ક્યારે અહીં આવ્યો તે તો આપને ખબર. ત્યારે બધા બોલ્યા જે અહીં તો તે અર્ધી રાત્રે આવ્યો હતો. મૂર્તિઓ ઉતારી ચાલી નીકળ્યો. જમવા તથા ભાડુ લેવા પણ રોકાયો નહિ ને દરવાજા બહાર જઈ તે અદ્રશ્ય થઈ ગયો તે અમે નજરે જોયું. તેથી અમને પણ એમ જણાય છે જે આ શ્રીહરિની ઈચ્છાથી જ આ મૂર્તિઓ સમયસર અહીં આવી તેમાં જરા પણ શંકા નથી.

ભક્તજનો ! આવા નરનારાયણદેવના ચરણોમાં જો આપણને દ્રઢ નિષ્ઠા હશે તો આપણા માટે કલ્યાણ બહું સોંધું છે એમ જાણજો.

## આપણા આગામી ઉત્સવો

**નારાયણઘાટ** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ મહા વદ-૫ તા. ૧૪-૨-૦૯

**મોરબી** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ મહાવદ-૬ તા. ૧૫-૨-૦૯

**ચરાડવા** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ફાગણ સુદ-૨ તા. ૨૬-૨-૦૯

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ ફાગણ સુદ-૩ તા. ૨૮-૨-૨૦૦૯ શનિવાર**

**સાપાવાડા** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ફાગણ સુદ-૪ તા. ૨૮-૨-૨૦૦૯

**કાંકરિયા** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ફાગણ સુદ-૫ તા. ૧-૩-૨૦૦૯

**ખાણ** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ફાગણ સુદ-૭ તા. ૭-૩-૨૦૦૯

**એપ્રોચ-બાપુનગર** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ફાગણ સુદ-૮ તા. ૪-૩-૨૦૦૯

**શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલ દોલોત્સવ** ફાગુણ સુદ-૧૫/૧ તા. ૧૧-૩-૨૦૦૯ બપોરે ૧૨-૦૦ કલાકે **પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અમદાવાદ મંદિરમાં** ધામધૂમથી ઉજવાશે.

**જેતલપુરધામ** શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ ફાગણ વદ-૮ તા. ૧૯-૩-૨૦૦૯

## સત્સંગ સેતુ પુસ્તકનું વિમોચન

### શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવની અડગ નિષ્ઠાવાળા આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં નિયમિત લેખ લખતા પ.ભ. ગોરધનભાઈ સીતાપરા દ્વારા લખાયેલ સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા-ચરિત્રો અને મહિમાનું અદ્‌ભુત વર્ણન દર્શાવતુ 'સત્સંગ સેતુ' નામના પુસ્તકનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉત્તરાયણના દિવસે વિમોચન થયું. જે દરેક હરિભક્તોએ અવશ્ય વસાવવું અને તેનું વાચન-મનન અને નિદિધ્યાસ કરવો.

પ્રાપ્તિ : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ.

### "ઘનશ્યામ, તારો મલક મારે જોવો છે"

ઓ વાલા ઘનશ્યામ રે,
મને તારા મલકમાં લઈ જાજે રે,
મારે તારો મલકતો જોવો છે..... ઓ૦ ૧

નિત્ય તારી ભક્તિમાં હું મલકાયો,
જોઈ રૂપ તારું હું હરખાયો,
ઓ વાલા ઘનશ્યામ રે,
મને તારા મલકનો રંગ લાગ્યો..... ઓ૦ ૨

તું ભગવાનનો ય ભગવાન છે
ચોવીશ અવતારનો અવતારી છે,
ઓ વાલા ઘનશ્યામ રે,
મને તારા તે સંગે હવે રમવું છે..... ઓ૦ ૩

આકાશે સૂર્ય, ચંદ્રનું મોટું હાલરડું,
બનાવ્યું પહાડો, નદીયોનું પટાળું,
ઓ વાલા ઘનશ્યામ રે,
મારે અક્ષરધામ તારું જોવું છે..... ઓ૦ ૪

ભોળા ભક્તના હૈયાથી તું ભોળવાયો,
ભક્તિ મારી દેખીને તું મલકાયો,
ઓ વાલા ઘનશ્યામ રે,
રંગમહોલમાં તું આવી અટવાયો..... ઓ૦ ૫

*- પ્રહલાદભાઈ વિ. પટેલ (કરજીસણવાળા-ન્યુજર્સી)*

# શું ધર્મવંશી આચાર્ય પદની આજ્ઞાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ શકે ?

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

શ્રીહરિ આ બ્રહ્માંડમાં સૌ પ્રથમ વખત પધાર્યા તે વૈરાજ નારાયનાં આયુષ્યની અડધી સદી ઉપરાંતની પ્રાર્થના સ્વીકારનાં સ્વરૂપે તેમજ પોતાના ગૂઢ સંકલ્પની પૂર્તિ કરવાનાં હેતુથી પધાર્યા છે.

આજદિન સુધી જીવનું કોઈએ આત્યંતિક કલ્યાણ કર્યું નથી. જીવની ભવાટીમાં ભટકણ એટલે વારંવાર યમયાતના, વારંવાર લખચોર્યાસીના દુઃખો, જન્મ-મરણ રૂપી અતોલ દુઃખ તેમજ જીવને દરેક યોનિમાં અસહ્ય દુઃખોની યાતના ભોગવવી પડે છે. આવી દારૂણ યાતનામાંથી જીવોને કાયમી ધોરણે છોડાવી અક્ષરધામનાં અલૌકિક સુખની પ્રાપ્તિ કરાવવાના શુભ હેતુથી આ બ્રહ્માંડમાં સૌ પ્રથમ વખત પધાર્યા છે.

શ્રીહરિએ દયા કરીને મુમુક્ષુ જીવને મનુષ્યદેહની ભરતખંડમાં પ્રાપ્તિ કરાવી પોતે સ્થાપેલ સર્વોપરિ સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગમાં લાવીને પોતે નક્કી કરેલ ધર્મ નિયમની મર્યાદામાં વર્તાવી આત્યાંતિક કલ્યાણ એટલે અક્ષરધામની પ્રાપ્તિ કરાવવાના હેતુથી શ્રીહરિ પધાર્યા છે. યુગોનાં યુગો પર્યંત પોતાનું પ્રગટપણું ચાલુ જ રહે તે હેતુથી શ્રીહરિએ ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા હતા. તેમાં એક શાસ્ત્રોની રચના કરવી. બીજો સંકલ્પ મંદિરોનાં નિર્માણ કરી તેમાં સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠાપન કરી જીવોને પ્રભુ ભક્તિ કરવાનો માર્ગ સુગમ કરવો. ત્રીજો સંકલ્પ ખૂબજ મહત્વનો છે. તે સમગ્ર આશ્રિતજનોનાં ગુરુપદે ધર્મવંશમાં આચાર્યપદનું સ્થાપન. આ ત્રણે ગૂઢ સંકલ્પો એક બીજાનાં પૂરક છે તેથી ત્રણમાંથી એકેની અવજ્ઞા કરી શકાય નહિ. સમગ્ર આશ્રિતજનોનાં ધર્મની રક્ષાને અર્થે આ આચાર્યપદ ધર્મવંશમાં ગૃહસ્થ આશ્રમમાં સ્થાપન કર્યું. અને બાઈઓનાં ગુરુ તરીકે આચાર્ય પત્ની (ગાદીવાળા)નું સ્થાપન કર્યું. આ આચાર્યપદનું સંપ્રદાયમાં સર્વોત્કૃષ્ટ સ્થાન છે.

અક્ષરધામની પ્રાપ્તિને અર્થે શ્રીહરિની આજ્ઞાનુંસાર ધર્મવંશી આચાર્યોનું શરણ કેટલું મહત્વનું છે તે સમજાવતાં સ્વયં શ્રીહરિએ ગઢડા પ્રથમમાં ૧ વચનામૃતમાં કહે છે કે "આ ધર્મકુળને આશ્રિત એવો ભગવાનનો ભક્ત દેહને મુકીને ભગવાનનાં ધામ પ્રત્યે જાય છે." આ સૂચવે છે કે ધર્મકુળનો એટલે ધર્મવંશી આચાર્યનાં શરણ વગર અક્ષરધામની પ્રાપ્તિ નથી. માટે જ શ્રીહરિએ આપણાં કલ્યાણ અર્થે ધર્મવંશના આચાર્યપદનું સ્થાપન કરેલ છે. જો આપણે આપણા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિને સર્વોપરિ ભગવાન માનતા જ હોઈએ તો તેમણે જ ધર્મવંશમાં આચાર્યપદની સ્થાપના કરી છે તેમાં સંપૂર્ણ સહમત હોઈએ જ - જે આમાં સહમત ન હોય તે સ્વામિનારાયણના કહેવડાવાને લાયક નથી.

ધર્મવંશી આચાર્યપદની કેટલી ગરિમા છે તે સ્વંય શ્રીહરિના મુખથી સાંભળીએ.

(૧) આ આચાર્યપદ અમારું અપર સ્વરૂપ છે.

(૨) "ધર્મકુળને આશ્રિત એવો ભગવાનનો ભક્ત અક્ષરધામને પામે છે."

(૩) "ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે, અતિ ધર્મવાળા જોઈ જન રે, રેવા માની ગયુ મારું મન રે."

(૪) "અમને ધર્મકુળે જેવા જાણ્યા છે તેવા અન્યે જાણ્યા નથી, તેથી ધર્મકુળ અમોને અતિ વહાલું છે."

(૫) "મારા ધામમાં આવવા સહું રે, એવા કર્યા ઉપાય મેં બહું રે, સર્વે ઉપાય કીધા છે સારા રે, તેમાં તરસે જીવ અમારા રે પણ છેલ્લો છે આજે ઉપાય રે, બહુ જીવ તરસે આ માય રે ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે."

(૬) ગઢડા મધ્ય-૧૬ વચનામૃતમાં કહ્યું છે કે ભગવાન તો ધર્મધુરંધર છે, આચાર્યશ્રી પણ ભગવાનનું સ્વરૂપ છે તેથી તેમને ધર્મધુરંધર તરીકે ઓળખવામાં આવે છે.

*(ક્રમશઃ)*

---

**નવા વ્રત ઉત્સવના નિર્ણયનું પ્રકાશન**

સમસ્ત હરિભક્તોને જાણ થાય જે શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ કાલુપુર તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંવત ૨૦૬૫-૬૬ ના આપણા વ્રત-ઉત્સવના નવા નિર્ણય પ્રકાશિત થઈ ગયા છે. જે આપણા દરેક શિખરબધ્ધ મંદિરોના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## જીંદગી આખી, લાલી લેખે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

મહારાજ ! એક દ્રષ્ટાંત સંભળાવું ? બ્રહ્માનંદ સ્વામીની પ્રકૃતિ હાસ્યની હતી. સ્વામી ઘણા સત્ય, તથ્ય રજુ કરતા પણ એમાં થોડી ઘણી હાસ્યની છાંટ હોય. સ્વામી કહે છે મહારાજ ! સંસારમાં એક કહેવત છે કે જગતના જીવને બધું લાલી લેખે જાય. મહારાજ કહે છે. સ્વામી ! એવું ન ચાલે. અમે એવી વાત કોઈ દિવસ સાંભળી નથી. તમે વિસ્તારથી સંભળાવો. બ્રહ્માનંદ સ્વામી કહે છે સાંભળો. તમે ન સાંભળી હોય ને મારે સંભળાવવાની હોય એથી વિશેષ બીજો ક્યો આનંદ હોય !

આ દ્રષ્ટાંતની પાછળ જે સિદ્ધાંત છે તે બહુ સમજવા જેવો છે. એક સદ્‌ગૃહસ્થ પતિ-પત્ની કોઈ ગામમાં રહેતાં હશે. એમને સંતાનમાં એકમાત્ર દીકરી. દીકરીનું નામ રાખ્યું લાલી. શું લાલીને લાડ લડાવે ! એને રમાડે, જમાડે, કાંઈ વાંધો નહી. ભાઈ ! આજ તો પચાસ રૂપિયા વધું થઈ ગયા. કાંઈ વાંધો નહીં, લાલી લેખે. એમાં શું ! કોઈ દિવસ લાલી માટે કપડાં લેવા ગયા. કોઈક ખીસ્સુ કાપી ગયું. બસો રૂપિયા ગયા. કાંઈ વાંધો નહિ, લાલી લેખે. એને દુઃખ જ ન થાય. એ લાલી લેખે ..... આપણી એક જ લાલી છે, એમના માટે શું ન થાય ! એમ કરતાં લાલી મોટી થઈ. એટલે લાલીની માતાને એમ થયું. મારી લાલીને ધામધૂમથી પરણાવવી છે એટલે દાગીના કરાવ્યા. એક સરસ પેટીમાં ગોઠવ્યા. સોનાના દાગીના એક પેટીમાં ગોઠવાઈ ગયા. કપડાં સારાં સારાં જે લાલીને ગમતાંતાં એ બધા પેટીમાં ભેગાં ગોઠવ્યા. આમ યાદ કરી કરીને બધું ભેગું કર્યા કરે છે. લાલીને પરણાવશું ત્યારે આ બધું એને ભેટમાં આપશું.

માણસ કંઈક ધારે છે જ્યારે ઈશ્વર કાંઈક બીજું જ કરે છે. બન્યું એવું કે કોઈ અકસ્માતમાં લાલીનું મૃત્યુ થઈ ગયું. માતાને પિતા બેય રડ્યા જ કરે છે. આવી વ્હાલસોયી, લાડકોડે ઉછરેલી દીકરી જુવાનીના ઉંબરે આવતાં જ અણધારી ચાલી ગઈ, એટલે અખંડ રડ્યા જ કરે. બધાં એને આશ્વાસન આપે. તમે શા માટે રડો છો ? લાલી તો સ્વર્ગે ગઈ. બહુ પવિત્ર હતી, સારી હતી એટલે સ્વર્ગમાં જાય. તો એ સ્વર્ગમાં જ ગઈ છે તમે ચિંતા ન કરો. એ ત્યાં સુખી છે. લાલીની મા પૂછે, મારી લાલી સુખી હશે? અરે આનંદ કરતી હશે. મા પૂછે, મારી લાલી સુખી હશે ? અરે આનંદ કરતી હશે. સ્વર્ગમાં કોઈ વાતનું દુઃખ ન હોય. બધું ત્યાં સસ્તુ ને મફતમાં મળે છે. એમને કાંઈ દુઃખ નહીં.

એક દિવસે આ બધી પરિસ્થિતિનો જાણકાર કોઈ ઠગ માણસ આવ્યો. કોણ છો તમે ? ભાઈ ! હું તો ચારે બાજુ ફરું છું. ધરતી ઉપર પણ ફરું છું ને સ્વર્ગમાં પણ જાઉં છું. સ્વર્ગમાંય જાઓ છો ! હાં, તો અમારી લાલી સ્વર્ગમાં આવી છે ? હા, આવીજ છે ને. એણે જ મને મોકલ્યો છે. હા.... હા.... અરે ! શું વાત કરો છો ? લાલીએ તમને મોકલ્યા છે ? હા.... હા.... તમારા ઘરનું સરનામું એણે જ આપ્યું ને.નહીં તો મને ક્યાંથી ખબર !! બોલો બોલો મારી લાલીએ શું કહ્યું છે ? લાલીએ એમ કહ્યું છે કે સ્વર્ગમાં ખાવાપીવાની કોઈ તકલીફ નથી. પણ અહીં સ્વર્ગમાં આપણે ત્યાંના જેવા દાગીના બનતા નથી. જાડા સોનાના ગચીયાં બધા પહેર છે. એટલે સરસ દાગીના મારી માએ કરી રાખ્યા છે મારા માટે, એ લેતા આવજો. તે માટે જ મને મોકલ્યો છે. આ બાઈ તો ખુશ ખુશ થઈ ગઈ. અંદર જઈને પેટી લઈ આવીને આપી દીધી. સોનાના દાગીના અને સારા સારા મુલ્યવાન વસ્ત્રો લઈ જાવ, મારી લાલીને આપજો. આ ઠગ હતો, પેટી લઈને ભાગી ગયો. તરત જ એમનો પતિ બહારથી આવ્યો. કેમ આજે ખુશ દેખાય છે ? ? એ તમે જાણશો તો તમે પણ ખુશ થઈ જશો. લાલીનો સંદેશો આવ્યો. હે !! ક્યાંથી આવ્યો? સ્વર્ગમાંથી એક માણસને આપણી લાલીએ મોકલેલો. અને એની જોડ દાગીના મંગાવ્યા. શું વાત કરે છે ? કોણ આવ્યું હતું ? દાગીનાની પેટી આખી આપી દીધી ? હા. અરેરે.... તે ગજબ કર્યો. કોઈ સ્વર્ગમાંથી આવે નહિ, કોઈ અહીંથી જાય નહી. તું સાવ ગાંડી થઈ ગઈ છે. કાંઈ નહીં ત્યારે, પેટી આખી ગઈ લાલી લેખે. પણ આ ભાઈને એમ થયું કે હું ઠગને પકડી પાડું. આટલામાં જ હશે. કારણ કે એ જમાનામાં સ્કુટર ન હતા, ગાડીઓ ન હતી. આજુબાજુમાંથી ક્યાંક ઝડપાઈ જાય. આણે લીધો ઘોડો. મજબૂત ઘોડો લઈને બેસી ગયો. ગામની બહાર નીકળ્યો. હમણાં જ ઝડપી લઉ. ઠગ આટલામાં જ હશે. ત્યાં ઠગ હજુ પેટી લઈને ગામની બહાર પહોંચ્યો હતો. ઠગને એમ થયું કે પેલો માણસ ઘોડો લઈને મને જ પકડવા આવે છે. એટલે ઝાડ ઉપર પેટી લઈને ચડી ગયો. આ ભાઈ ત્યાં પહોંચીને કહે છે હવે, તું ક્યાં બચવાનો છે મારા હાથમાંથી ! ક્યાં છટકીશ ! આવી રીતે ઘરમાં પત્નીને છેતરીને ભાગ્યો છે. આજ તો તને શિક્ષા કરીશ. હેઠો ઉતર. ઠગ કહે છે ના. અરે, ન ઉતરે તો ક્યાં જઈશ તું હવે ? ઘોડો ઊભો રાખી આ ભાઈ ઠગને પકડવા ઝાડ ઉપર ચડ્યો. અને લાગ જોઈને ઠગ કુદકો મારીને સીધો ઘોડા ઉપર બેસી ગયો અને ઘોડો દોડાવી મુક્યો. આ ભાઈ વિલે મોઢે ઘેર આવ્યો ત્યારે પત્નીએ પૂછયું ઠગ હાથમાં આવ્યો ! ના, ન આવ્યો. તો આપણો ઘોડો ક્યાં ગયો ? ત્યારે આ ભાઈ કહે છે જેમ દાગીનાની પેટી ગઈ તેમ ઘોડો પણ ગયો લાલી લેખે.

આ દ્રષ્ટાંત બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને સંભળાવ્યું. હવે તેનો સિદ્ધાંત સંભળાવતા સ્વામી કહે છે કે હે મહારાજ ! સંસારી જીવોનું સર્વસ્વ લાલી લેખે જ ચાલ્યું જાય છે. આખી

જીંદગીનો વિચાર કરો, તો કેટલું કમાયા હશો ? પણ બધું ક્યાં જાય છે, કાંઈ ખબર પડતી નથી. એનો કોઈ હિસાબ જ નથી. માણસ એટલું બધું ધન વેડફે છે.... ધ્યાન રાખજો. સંપત્તિ વાપરવી અને સંપત્તિ વેડફવી એ બે અલગ વસ્તુ છે. તમારા પ્રયત્નથી કે ઈશ્વરની કૃપાથી તમને જે કાંઈ મળતું હોય એનો ઉપયોગ કુટુંબ નિર્વાહની સાથે સત્કર્મમાં, પરોપકારમાં ભગવાનને અર્થે થાય તો તમોએ એ સંપત્તિ વાપરી છે પણ જે સંપત્તિને પોતાના મોજ-શોખ માટે, વિલાસ માટે, વ્યસન માટે ખર્ચી નાંખે તો એ વેડફાઈ કહેવાય. તો એ બધું લાલી લેખે ગયું જાણવું. જીંદગી આખી ભજન વિના, સત્સંગ વિના એમને એમ ચાલી જાય છે. જો એનો સદ્‌ઉપયોગ થતો નથી તો એ પેટીએ જાય ને ઘોડોય જાય, એની જેમ જીંદગી પણ લાલી લેખે ચાલી જાય. સિદ્ધાંત સાથેનું આ દ્રષ્ટાંત સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા.

મિત્રો ! તમને પણ વાત ગમીને ? તો જો જો હોં જીંદગીમાં બધું લાલી લેખે જતું ન રહે તે માટે સાવધાન થઈને પ્રભુ ભજન કરી લેવું. અને તનથી, મનથી અને ધનથી સેવા સત્કર્મ કરી લેવાં.

●

## માફી કોને મલે ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

વાર્તા સાંભળવી કોને ન ગમે ? બધાયને ગમે. એમાં પણ બાળકોને તો એવી મજા પડે કે જમવાનુંય ભૂલી જાય, તો આજે સૌ પ્રથમ તમને એક વાર્તા કહું છું. બધા ધ્યાન દઈને સાંભળજો. પછી વાર્તાનો બોધ જીંદગીભર યાદ રહી જશે. યાદ રાખવો નહિ પડે. વાર્તા એવી છે કે એક ગુરુ હતા. ગુરુ ખૂબજ વિદ્વાન. તેમણે વિચાર કર્યો. હવે અહીં જંગલમાં કોઈ મને મળવા આવતું નથી. જંગલમાં આવવાની તથા રહેવાની બધાને બીક લાગે છે. તો હવે, હું પોતે જંગલમાંથી નગર તરફ પ્રયાણ કરું અને મારી પાસે જે ભગવાનનું દિવ્ય જ્ઞાન છે તે મારા શિષ્યોના ઘરે ઘરે જઈ પ્રચાર કરું. તેથી સૌ ભગવાન ભજે અને સુખી થાય.

આવા ઉમદા વિચાર સાથે ગુરુ એક નગરમાં પોતાના શિષ્યના ઘરે ગયા. શિષ્યના આનંદનો પાર ન રહ્યો. તે તો ખુશ ખુશ થઈ ગયો. મારા ગુરુ મારા ઘરે પધાર્યા. ગુરુએ વિચાર વ્યક્ત કર્યો. અહીં જ્ઞાન-ઉપદેશ અને ભક્તિ-ભજનમાં વૃદ્ધિ થાય તે માટે આવ્યો છું. ગુરુના વચનને શિરોધાર્ય રાખી. આ શિષ્ય જે નગરમાં રહેતો હતો તે નગરના રાજાને વાત કરે છે. રાજા ખૂબ જ ભક્તિભાવના વાળા હતા. તેમણે આ વાત સ્વીકારી નગરના ચોગાનમાં સત્સંગનું આયોજન રાખ્યું. સુંદર કથાવાર્તા થઈ. રાજા આ ગુરુ પાસે કંઠી બાંધી આશ્રિત થયા. રાજાના આ સદ્‌ આચરણથી પ્રેરાઈ તે નગરની પ્રજા પણ ગુરુની શરણાગતિ સ્વીકારે છે. ગુરુ રાજી થઈ બીજા નગરમાં પ્રચાર અર્થે જાય છે.

આ બાજુ રાજા પોતાના નગરમાં બધાની સાથે ગુરુભાઈની જેમ વર્તન કરે છે. કેમ કે સહુ એકજ ગુરુના શિષ્યો હતા. તેથી રાજા બધાને ખૂબ સારી રીતે રાખતા. પરંતુ પ્રજાએ તેનો મોટો ગેરફાયદો ઉઠાવ્યો. જ્યારે રાજાએ વર્ષના અંતે મહેસુલ ઉઘરાવવાનું શરૂ કર્યું. ત્યારે પ્રજાએ રાજા પોતાના ગુરુભાઈ છે. તેમ જણાવી ઓળખ બતાવવા લાગ્યા. અને કરમાંથી મુક્તિ કરાવવા લાગ્યા અને રાજાએ પણ ગુરુભાઈના સંબંધે આ બધું જતું કર્યું. પછી તો જ્ઞાનના ઓથે પ્રજા કપટી અને પ્રમાદી બનવા લાગી. આ બાજું નગરનો કારભાર કથળવા લાગ્યો. દેવું વધવા લાગ્યું. હવે શું કરવું ? રાજા તો મુંઝાયો. આ બધામાંથી સાચા ખોટા ઓળખવા કેમ ? ત્યાં રાજાને એકદમ યાદ આવ્યું કે આનો ઉકેલ મારા ગુરુ જ શોધી આપશે. પછી રાજાએ ગુરુને સંદેશો પહોંચાડ્યો. ગુરુ નગરમાં આવી ગયા. બધી જ વાત જાણી. એટલે રાજાને કહ્યું કાંઈ વાંધો નહિ. ચિંતા ન કરશો. બધા ગુરુભાઈ થયા છે. તો તેમાંથી સાચા હોય તેનું માફ કરશું અને ખોટા પાસેથી ઉઘરાવશું. તો હવે ખોટાને શોધવા કેમ ? ગુરુએ એક યુક્તિ શોધી કાઢી. એ અરસામાં રાજા ખૂબજ બિમાર પડી ગયા. આ બાજુ ગુરુએ મોટી નગર સભા બોલાવી. સભામાં સહુને કહ્યું જુઓ ! આપણા રાજા સાહેબ ભંયકર બિમાર છે. તે આપણા ગુરુભાઈ સમાન ગણાય. માટે આપણે તેમના માટે કાંઈક ઉપચાર કરવો જોઈએ. નગરજનો કહે છે, બોલો બોલો તમે કહેશો તેમ કરશું. ત્યારે ગુરુ કહે છે કે સૌએ પોતાની ટચલી આંગળી કાપી આપવાની છે. વૈદ્યના કહેવા અનુસાર દરરોજ એમને પાંચ ટચલી આંગળીનું તેલ કાઢી શરીરે માલીસ કરવાની છે. માટે સૌ પોતપોતાની ટચલી આંગળી અહીં કાપી આપવા માટે લાઈનમાં આવો. આવી વાત સાંભળી બધા કહેવાતા ગુરુભાઈઓ એકવાર તો સ્તબ્ધ થઈ ગયા. કોઈ આંગળી આપવા ઉભા ન થયા. ફક્ત દશેક ગરીબ વર્ગના માણસો કે જે એમ માનતા હતા કે રાજાએ ગુરુભાઈના સંબંધે અમારું મહેસૂલ માફ કરી અમને સુખી કર્યા છે. ઋણ માફ કર્યું છે. તેમના માટે શું ન થાય ? અને તેઓ પોતાની આંગળી આપવા તૈયાર થયા.

ત્યારે ગુરુએ રાજાને કહ્યું રાજા સાહેબ આ દશ જણના મહેસુલ માફ કરવા. બાકી બધાના મહેસૂલ પુરેપુરા ઉઘરાવવા. રાજાની મુંઝવણ દૂર થઈ. દસ જણા સિવાય બાકી બધા પાસેથી પૂરેપુરું મહેસૂલ ઉઘરાવવાનું ચાલુ થઈ ગયું.

મિત્રો ! વાર્તા તો સાંભળી પણ એમાં બોધ શું સમાયેલો છે. એનો ખ્યાલ આવ્યો કે નહીં. તો સાંભળો સૌ પોતાને સાચા ભક્ત માને છે. અને ભગવાન પાસે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા જાતજાતની માગણીઓ મંજૂર કરાવે છે. પરંતુ ભગવાન એમને એમ કોઈના જનમ-મરણ, કાળ, કર્મ, પ્રારબ્ધના દેવાં માફ કરતા નથી. એતો જ્યારે કસોટી થાય ત્યારેજ ખબર પડે. અને એ કસોટીમાં જે ભગવાનને અર્થે આંગળી તો શું માથું દેવા તૈયાર થાય તેવા ભક્તોના પ્રારબ્ધ કર્મનાં દેવાં માફ થઈ જાય છે. એટલે જ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે કે,

બ્રહ્માનંદ કહે રે એવા હરિજનની બલિહારી,
મસ્તક જાતા રે ન મેલે ટેક વિસારી.

# ભક્તિસુધા

## સર્વોપરિ છપૈયાધામ સ્પેશ્યલ ટ્રેન દિવ્ય યાત્રા

- સાં.યો. મંજુબા, ભારતીબા ગુરૂ ગોદાવરીબા
(હવેલી-અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ૨૩૦ વરસમાં સૌ પ્રથમ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા શ્રી નરનારાયણદેવ ગાદીના સમસ્ત બહેનોના ધર્મગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના સંકલ્પ અને આશીર્વાદથી સૌ બહેનોને સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્ય સ્થળ છપૈયાધામની યાત્રાનો લાભ મળે તેવા શુભ હેતુથી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનનું પ.પૂ.ગાદીવાળાશ્રીની હવેલી દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવ્ય યાત્રામાં કુલ મળીને ૧૧૦૦ અગીયારસો મહિલાઓએ દિવ્ય યાત્રામાં લાભ લીધો. તા. ૧૨-૧-૦૯ ના દિવસે બપોરે ત્રણ વાગે દરેક યાત્રિક બહેનો કાલુપુર રેલ્વે સ્ટેશન પર પહોંચી ગયા હતા ત્યાં સ્વયં સેવક ભાઈઓએ શ્રી નરનારાયણદેવ તથા પૂ. મહારાજશ્રીના પોસ્ટરો તથા ડેકોરેશનની સામગ્રીથી ટ્રેનને અદ્‌ભુત શણગારી હતી. બરાબર સાંજે ૫-૦૦ વાગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી રેલ્વે સ્ટેશન પર યાત્રિકોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા ત્યારે આયોજક ભાઈઓએ પૂ. મહારાજશ્રીના સ્વાગત માટે બેન્ડવાજાને બોલાવ્યા હતા. આખું રેલ્વે સ્ટેશન બેન્ડવાજીંત્રના અવાજ અને સ્વામિનારાયણ મહામંત્રના ધૂનથી ગુંજી ઊઠ્યું હતું. ત્યાર પછી શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનની લીલી ઝંડી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપી હતી. પછી તો વાત જ શું કરવાની ! ટ્રેનની લીલી ઝંડી છપૈયાધિશ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના સ્વરૂપે આપી હોય તે યાત્રિક મહિલાઓના ખૂબ ખૂબ ધન્ય ભાગ્ય કહેવાય. ત્યાર પછી આયોજકોએ દરેક બહેનોને બેસવા માટેની સુંદર વ્યવસ્થા આઈ કાર્ડ આપીને કરી હતી તેથી કોઈને બેસવાની તકલીફ જ પડી નહીં. સાંજે ૫-૩૦ વાગે ટ્રેન છપૈયાધામ જવા માટે રવાની થઈ. સાંજનું ભોજન ટ્રેનમાં જ બહેનોને આપવામાં આવ્યું. બે ટાઈમ જમવાની વ્યવસ્થા અને બે ટાઈમ ચા કોફીની વ્યવસ્થા ટ્રેનમાં કરવામાં આવી હતી. દરેક યાત્રિક બહેનોને પોતાની સીટ ઉપર ભોજન પ્રસાદની ડીસ પહોંચાડવામાં આવતી હતી. આવી વ્યવસ્થા જોઈને બહેનોને થતું કે આપણે તો કાયમ ઘરે બધાને ડીસો પીરસીને આપવાની હોય અને અહીંયા તો આપણને સીટ ઉપર બેઠા બેઠા જ તૈયાર ભોજન મળે છે. હવે તો ઘેર પાછા જઈને રસોઈ બનાવતી વખતે અને ઘરના સભ્યને જમાડતી વખતે પહેલા જ સ્પેશીયલ ટ્રેન યાદ આવી જશે. આવી સુંદર વ્યવસ્થા સંચાલકોએ ટ્રેનમાં કરી હતી. સાં.યો. બહેનો તથા યાત્રિક સત્સંગી બહેનો આખો દિવસ ધૂન ભજન કીર્તન કરતા હતા અને સ્વામિનારાયણ ભગવાનનો જય જયકાર કરીને દરેક ડબામાં બહેનો પોતાની સીટ ઉપરથી ઉભા થઈને ખૂબ નાચતા હતા. સાંજે આરતી, ધૂન, નિયમ ચેષ્ટા પણ કરતા હતા. આથી આખો દિવસ ટ્રેનમાં પણ ભગવાનનુંજ સ્મરણ થતુ હતુ. પ.પૂ. ગાદીવાળાશ્રીએ સંકલ્પ કર્યો હતો કે યાત્રામાં આવનાર દરેક યાત્રિક બહેનોને બ્રહ્માનંદ સ્વામીના એકસો પદની કીર્તનાવલી આપવી. બ્રહ્માનંદ સ્વામીના કીર્તનના સો પદ જે પ્રેમથી ગાય તેને શ્રીજી મહારાજ છ મહિનમાં પ્રત્યક્ષ દર્શન આપે છે. તેથી દરેક બહેનોને પૂ. ગાદીવાળાશ્રીના આશીર્વાદરૂપે બ્રહ્માનંદ સ્વામીના સો પદની કીર્તનની ચોપડી આપવામાં આવી હતી. તા. ૧૪-૧-૦૯ ના રોજ સવારે સાડાચાર વાગે સ્પેશીયલ ટ્રેન અયોધ્યાપુરી આવી પહોંચી. આજનો દિવસ પરમ પવિત્ર ઉત્તમ ઉત્તરાયણનો પર્વ દિન હતો. અયોધ્યાના સ્ટેશન પર દરેક બહેનો ટ્રેનમાંથી ઉતરી અને બધા એકી સાથે સવારના મંગળમય વાતાવરણમાં દિવ્ય મહા મંગલમય સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલતા બોલતા મંદિરમાં આવ્યા. ત્યાં સૌ બહેનોએ મંગળા આરતીના દર્શન કર્યા. ત્યારબાદ મંદિરમાં જ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. નાસ્તો કર્યા બાદ ઠાકોરજીની શણગાર આરતીના દર્શન કરી દરેક યાત્રિક બહેનો અને સાં.યો. બહેનોએ પદયાત્રા કરીને રામ જન્મ ભૂમિ, કનક ભુવન અને ત્યારબાદ શ્રી હનુમાનગઢીના દર્શન કર્યા. રસ્તામાં કોઈ બહેનોને કંઈજ તકલીફ ન પડે તેના માટે સ્વંય સેવક ભાઈઓ સાથે જ હતા. પણ તકલીફ શું પડે ? જ્યાં આપણા પૂ. ગાદીવાળાશ્રીના આશીર્વાદ અને કૃપા હોય ત્યાં શું ખામી હોય ? છેલ્લે દરેક બહેનો સરયુ નદીમાં સ્નાન કરી અયોધ્યા રેલ્વે સ્ટેશન પર પહોંચી ગયા. ત્યારે પ્લેટફોર્મ પર ટ્રેન આવી ગઈ હતી. તેથી ટ્રેનમાં સૌ બહેનો બેઠા ત્યારે બપોરનો એક વાગ્યાનો સમય થઈ ચૂક્યો હતો. બપોરનું ભોજન પ્રસાદ

ટ્રેનમાં આપવામાં આવ્યું ટ્રેન અયોધ્યાથી સાંજે ૪-૦૦ વાગે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના જન્મ સ્થાન છપૈયા ગામના રેલ્વે પ્લેટફોર્મ પર આવી પહોંચી. છપૈયા ટ્રેન પહોંચી તેથી દરેક બહેનોના અંતર ઘનશ્યામ મહારાજના દર્શન કરવા માટે કમળની પાખંડીની જેમ ખીલી ઊઠ્યા અને છપૈયાધિશ ઘનશ્યામ મહારાજનો જય જય કાર કરી દરેક બહેનો ટ્રેનમાંથી નીચે ઉતર્યા. મંદિર જવા માટે સુંદર જીપો અને ટ્રેકટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. છપૈયા મંદિરના મહંત સ્વામી અને સંતો ઘનશ્યામ મહારાજને સાથે લઈને રેલ્વે સ્ટેશન પર આવ્યા હતા અને યાત્રિકોનું સુંદર સ્વાગત કર્યું હતું.

સૌ છપૈયા મંદિરમાં પહોંચ્યા ત્યાં કોઈપણને કંઈજ તકલીફ ના પડે એવી સુંદર ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક યાત્રિક મહિલાઓએ પોતાનો સામાન ઉતારામાં મુકી મુખ્ય મંદિર તથા જન્મ સ્થાનમાં ઘનશ્યામ મહારાજના દર્શન કરી દિવ્ય આનંદની અનુભૂતિ અનુભવી. અહીંયા રાત્રે દરેક સાં.યો. બાઈઓએ અને સત્સંગી બહેનોએ ભેગા મળીને નિયમ ચેષ્ઠા કરી અને સુંદર રાસ ગરબા રમ્યા. બીજા દિવસે મંગળા અને શણગાર આરતીના દર્શન કરી સાં.યો. બાઈઓ સાથે યાત્રિક બહેનો છપૈયામાં ઘનશ્યામ મહારાજે જ્યાં જ્યાં પોતાના સખા સાથે રમી અને બાળલીલાઓ કરી હતી તેવા પ્રસાદીના સ્થળે દર્શન કરવા માટે સૌ રવાના થયા. એકી સાથે એક હજાર બહેનો જ્યારે પ્રસાદીના સ્થળે દર્શન કરવા નીકળ્યા ત્યારે છપૈયાના રસ્તામાં અને ખેતરો વચ્ચે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલતા બોલતા જઈ રહ્યાં હતા ત્યારે તો જાણે બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો જન્મ થયો હતો ત્યારે જેમ છપૈયાધામની નારીઓ ભેગી થઈને એ ઘનશ્યામનું મુખ જોવા માટે આતુર બની હતી. ત્યારે જેટલો આનંદ નારીઓના દિલમા હતો તેવોજ આનંદ અને તેવીજ આતુરતા દરેક મહિલાઓના હૃદયમાં ઘનશ્યામ મહારાજના આ પ્રસાદીના સ્થાનોના દર્શન કરતા થતા હતા અને એ સમયનું દશ્ય પણ ખૂબજ અલૌકિક લાગતું હતું. દરેક પ્રસાદીના સ્થળોના ખૂબજ શ્રધ્ધા ભાવનાથી સૌ બહેનોએ દર્શન કર્યા. અહીં પણ સ્વયં સેવક ભાઈઓ કોઈને પણ કાંઈ તકલીફ ના પડે તે માટે સાથે રહ્યા હતા. બપોરે ૧૨-૦૦ વાગ્યે તમામ પ્રસાદીના સ્થળોના દર્શન કરી મંદિરમાં આવ્યા. બપોરે દરેક બહેનોએ શ્રી ઘનશ્યામ મહારાજની જન્મ સ્થાન ભૂમિમાં ભોજન પ્રસાદ લીધો. જેના પ્રતાપે આ દિવ્ય યાત્રનો આવો અનેરો આનંદ દરેક યાત્રિક બહેનો માણી રહ્યા હતા એ આનંદના સાગર પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને ઘનશ્યામ મહારાજના સાક્ષાત્ સ્વરૂપ પ.પૂ. લાલજી મહારાજ અને પૂજ્ય શ્રીરાજા સાંજે ચાર વાગે પધારવાના હતા તેથી સૌ સાં.યો. બાઈઓ અને સૌ યાત્રિક બહેનો ભગવાનના કીર્તન ગાતા ગાતા પૂ. ગાદીવાળાશ્રીના સ્વાગત સામૈયા માટે સામે ગયા. પ.પૂ. ગાદીવાળાશ્રી પધાર્યા એટલે સૌ બહેનોએ જય નાદના જય ઘોષ સાથે પૂ. ગાદીવાળાશ્રીને ગુલાબના પુષ્પથી વધાવ્યા. જેમ તરફડતી માછલીને પાણી મળે અને તેના હૃદયમાં પ્રાણ આવે તેમ પ.પૂ. ગાદીવાળાશ્રીના આગમનની રાહ જોતા તમામ સાં.યો. બહેનો અને સત્સંગી બહેનોને પોતાના પ્રાણ સમાન ગુરૂના આગમનથી બધા નાચવા કુદવા લાગ્યા. સાં.યો. બહેનો ખૂબ રાસ ગરબા રમ્યા. ત્યાર બાદ વાજતે ગાજતે પ.પૂ. ગાદીવાળાશ્રીનું સ્વાગત સામૈયું કર્યું. પ.પૂ. ગાદીવાળાશ્રીએ પણ નિજ મંદિરમાં અને જન્મ સ્થાનમાં શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા. પ.પૂ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં દરેક બહેનોએ સત્સંગ સભાનો લાભ લીધો. અને સાં.યો. બહેનોએ સુંદર પ્રવચન આપ્યા. સંધ્યા આરતીનો સમય થતા સભા પૂર્ણ કરી સૌ સંધ્યા આરતી કરવા ગયા. દર્શન આદિ કરી સાંજનો ભોજન પ્રસાદ લઈ રાત્રે ૯ થી ૧૧ પ.પૂ. ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં સૌ બહેનોએ સત્સંગ સભાનો લાભ લીધો. તેમાં પણ અમદાવાદ અને બહાર ગામના સાં.યો. બહેનોએ સુંદર મજાના પ્રવચનો આપ્યા. દરેક બહેનોને પૂ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં બેસવાનો અને સત્સંગનો લાભ લેવાનો એટલો બધો આનંદ આવી રહ્યો હતો કે એ વખતે એ સભાની સામે જોઈને એવો આભાસ થતો હતો કે આજની જે રાત્રી છે એ છ મહિનાની થઈ જાય તો સારૂ. સવારે સૂર્ય નારાયણ ના ઉગે ત્યાં સુધી બહેનો પૂ. ગાદીવાળાશ્રીના સામે બેસી એમના મુખ સામું જોઈ સત્સંગ રૂપી કથા પ્રવચનને સાંભળવા આતુર હતા. રાત્રે ૧૧-૦૦ વાગે પ.પૂ. ગાદીવાળાશ્રીએ પોતાની અમૃતમય વાણીથી દરેક બહેનોને આશીર્વચન આપ્યા. સૌ બહેનો પ.પૂ. ગાદીવાળાશ્રીના મુખેથી આશીર્વચન સાંભળીને એટલા બધા ખુશ થઈ ગયા કે તાળીઓના ગડગડાટથી પ.પૂ. ગાદીવાળાશ્રીને વધાવી લીધા હતા. પછી બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના જય ઘોષના નાદથી સભાની પૂર્ણાહુતિ કરી સૌ પોતાને ઉતારે ગયા. ત્રીજા દિવસે સવારે પ.પૂ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં સૌ યાત્રિક બહેનોએ મહાપૂજાનો દિવ્ય લાભ લીધો. મહાપૂજા પૂર્ણ થયા બાદ સૌએ નાસ્તો કરી પાછા સભા મંડપમાં નવ વાગે આવી પ.પૂ. ગાદીવાળાશ્રીના ચરણ સ્પર્શ દર્શનનો સૌ બહેનોએ લાભ લીધો.

બપોરે સૌ ભોજન પ્રસાદ લઈ ૧ વાગે છપૈયા રેલ્વે સ્ટેશન પર જવા માટે રવાના થયા. સાંજે ૪ વાગે સ્પેશ્યલ ટ્રેન અમદાવાદ આવવા માટે છપૈયાથી રવાના થઈ. સાંજે સંધ્યા સમયે આરતી, નિયમ, ચેષ્ટા બહેનોએ ટ્રેનમાં કર્યા. સાંજનું જમવાનું સૌ યાત્રિક બહેનોને ટ્રેનમાંજ આપવામાં આવ્યું. બીજા દિવસે સવારે સૌ બહેનો નાહી પૂજા પાઠ કરી નાસ્તો કર્યો. પરંતુ તે દિવસે દિવ્ય આનંદથી આનંદિત થયેલા બહેનો અચાનક ઉદાસ થઈ ગયા. અને ડબામાંથી વારાફરતી સૌ સાં.યો. બાઈઓના ડબામાં આવીને કહેવા લાગ્યા કે,

પાછી વાળો રે પાછી વાળો રે,
આ ટ્રેન છપૈયા પાછી વાળો રે.

બધા બહેનો ટ્રેનમાં ધૂન કીર્તન કરતા હતા પરંતુ ટ્રેન અમદાવાદ પાછી આવતી હતી તેથી કોઈને ઘરે પાછા જવાનું મન થતું ન હતુ. તે દિવસે બધા બહેનોએ આખો દિવસ ખૂબ ભજન કીર્તન કર્યા અને રાત્રે પણ મોડે સુધી ભગવાનનું સ્મરણ કર્યું. બરાબર તા. ૧૮-૧-૦૯ ના રોજ બપોરે ૧૧ વાગે સ્પેશ્યલ ટ્રેન અમદાવાદ રેલ્વે સ્ટેશન પર આવી પહોંચી. સૌ સગા સ્નેહી જન મળે તેથી પણ વિશેષ છૂટા પડી દરેક યાત્રિક બહેનો એકબીજાને રડતા હૃદયે મળી પોતાના સ્વસ્થાન તરફ ગયા.

આ યાત્રાના સંસ્મરણો વાગોળતા સૌ મનમાં, મનમાં પ્રફુલ્લિત હૃદયે બોલતા હતા કે ગમે તેટલા રૂપીયા ખર્ચીને ફર્સ્ટકલાસની ટીકીટ લઈને પણ મુસાફરીમાં જે આનંદ કે સંતોષ ન મળે તે સંતોષ આનંદ આ યાત્રામાં મળ્યો હતો. જે ક્યારેય ભૂલી શકાશે નહીં.

●

## કલ્યાણનું વચન

- કોકીલાબેન જયંતીભાઈ ઠક્કર (કલોલી)

સાળંગપુરમાં લખો નામે એક પટેલ રહે. આખો દિવસ ખેતરમાં કામ કરે. ખૂબજ પ્રમાણિક, ધાર્મિક અને વિવેકી ! પરમાત્મા પર અપાર શ્રધ્ધા ! એમાંય પોતાના મા-બાપ પર અપાર લાગણી. એમની સેવાને એ પ્રથમ ધર્મ સમજે ! સમય જતા બાપ તો સ્વર્ગે સિધાવી ગયા પણ વૃધ્ધ મા હજુ બેઠા હતા. માની સેવાને લખા પટેલીયાએ વ્રત બનાવી દીધું હતું.

એવામાં એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ સાળંગપુર પધાર્યા. લખાને થયું ભગવાન પોતે આ ગામમાં પધાર્યા છે તો લાવને મારા બાને પણ એમનાં દર્શન કરાવું. એનું કલ્યાણ થશે. એણે તો જઈને જીવા ખાચરને પટેલની ઈચ્છા જણાવી. લખા પટેલના આ માતૃભાવથી જીવા ખાચર તો ખૂબજ પ્રસન્ન થયા અને તરત જ પ્રભુના દર્શને લઈ આવવા જણાવ્યું.

લખાના હરખનો પાર ન રહ્યો. ભોળા મનનો એ માનવી ઘેર આવીને બોલ્યો. માં હાલ આજ તને ભગવાનના દર્શન કરાવું. એમ કહી એણે માનું બાવડું પકડી બેઠી કરી. પૂર્વ જન્મનાં કોઈ પુણ્યવાળી આ બાઈના શરીરમાં પણ ભગવાનનાં દર્શનનું નામ સાંભળી જોમ આવ્યું. બન્ને જીવાખાચરના દરબારમાં આવ્યા. લખો પોતાની માંને પ્રભુના ચરણોમાં બેસાડી ભગવાનને વિનંતી કરવા લાગ્યો. મહારાજ ! આ મારા વૃદ્ધ મા છે. એને આપના દર્શન કરવા છે. આજે આપના દર્શન કરીને એનો જન્મ સફળ થઈ જશે. મહારાજ ! કૃપા કરીને એને નિયમ ધરાવો તો એનું કલ્યાણ થાય.

પોતાના માટે કે, પોતાની પત્ની માટે અને બાળકો કોઈ પણના માટે માગ્યા વિના ફક્ત પોતાની માની કલ્યાણની ખેવના કરતા આ નિર્દોષ પટેલીયા પર ભગવાન રાજી થઈ ગયા અને લખાની માને વર્તમાન ધરાવી દીધા અને મહારાજે આશીર્વાદ આપ્યા, "માજી ! તમારું કલ્યાણ થશે'. માજી કાંઈ સમજ્યા વિના સારું 'ભા' કહીને ઘરે ગયા. પણ તે દિવસથી મહારાજે માજીને અક્ષરધામમાં લઈ જવાનો નિર્ણય કરી લીધો. ત્રણ દિવસ પસાર થયા. ચોથે દિવસે એક ચમત્કાર થયો. ડોશીમાને સાક્ષાત્ પ્રભુનાં દર્શન થયાં. 'અરે ! આ તો પેલા ભગવાન ! ત્રણ દિવસ પહેલાં મારો લખો દર્શન કરવા લઈ ગયો હતો એજ આ ભગવાન છે. એમ કહીને ડોશીમાં ભગવાનના સ્વરૂપને નમી પડ્યાં.

વહેલી સવારનો મધુર સમય હતો. ચારે તરફ નીરવ શાંતિ હતી. ડોશીમાં એકલાં બેઠા હતાં. ડોશીમાએ જોયું કે 'શ્રીજી મહારાજ આવ્યા છે. અને બોલ્યા, માજી ! અમારી સાથે અક્ષરધામમાં આવવું છે ને ? તો આજે તૈયાર રહેજો. અમે આજે જ તેડવા આવશું. એમ કહીને શ્રીજી મહારાજ અદૃશ્ય થઈ ગયા. માજી તો અવાક્ થઈ ગયા. "આ શું થઈ ગયું ? પછી ભગવાનના બીજીવાર દર્શન થયા એટલે તેની શ્રદ્ધા વધુ દૃઢ થઈ ગઈ હતી. અને આંખમાં હર્ષના આંસું આવી ગયાં. અરે ! મુજ ગરીબને ત્યાં ભગવાન ! આમ વિચાર કરી તેણે તેના પુત્રને બોલાવ્યો.

લખો તો દોડતો દોડતો આવ્યો. માજીએ કહ્યું ભાઈ લખા! તેં તો મારી જીંદગી તારી દીધી. મારું ઋણ ઉતારી દીધું બેટા ! ભગવાને આજે મને દર્શન આપીને કહ્યું, "માજી ! અક્ષરધામમાં આવવું હોય તો તૈયાર રહેજો. આજે હું તમને તેડવા આવીશ." ભાઈ આવો લાભ કોને મળે. તે દિવસે તું મને દર્શને લઈ ગયો હતો ને ? એજ ભગવાન

આવ્યા હતા. બેટા ! તારા જેવા પુત્રને જન્મ આપીને હું ભાગ્યશાળી બની ગઈ. આજે તું ખેતરે જતો નહીં. ભગવાન મને તેડવા આવે ત્યારે તું મારી પાસે હોય તો મને નિરાંત રહે. આજે માજી નહિ પણ એનો માંયલો બોલી રહ્યો હતો. આ સાંભળી દીકરાની આંખમાં આંસુની ધારા વહેવા માંડી. પણ માજીને એ દેખાઈ નહીં, પછી તેના દીકરાએ નારાયણની ધૂન્ય શરૂ કરી. એ તેમણે બરાબર સાંભળી. સમાચાર જાણીને નજીકના સગાં-વ્હાલાં પણ આવી ગયા.

થોડીવાર પછી ચમત્કાર થયો ! ઓરડામાં એકાએક અજવાળું થઈ ગયું ! સૌને ખાતરી થઈ કે શ્રીજી મહારાજ પધાર્યા છે. શ્રીજી મહારાજે માજીને સંતો સાથે દર્શન દીધા. હરખઘેલા માજીએ મહારાજના બે હાથ જોડી દર્શન કર્યા. અને માજી આ સંસાર છોડી ગયા. ભોળો લખો તો આ જોઈ જ રહ્યો એને એ ખબર ન પડી કે, આ અવસર આનંદનો ગણવો કે વિષાદનો. પરંતુ તે દિવસે સાળંગપુર વાસીઓને ખબર પડી કે ડોશીમાને આપેલું વચન ભગવાને પાળ્યું.

●

## સૌ જીવનો સામટો આજ કરવો છે ઉદ્ધાર

- નયનાબેન વિનોદકુમાર મોદી (અમદાવાદ)

પુરૂષોત્તમ પ્રકાશના નં. ૪૫ માં સદગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજનો હૃદયગમ અભિગમ ખૂબજ સુંદર રીતે વર્ણવ્યો છે.

વળી વળી શું. વર્ણવું આ સમાની વાત,
જીવ જગતના ઉપર આજ અમે છૈયે રળિયાત.
જાણીએ આખી જગતને લઈ જાઈએ અમારે ધામ,
કેડે ન રાખીએ કોઈને અમ હૈયે છે ઘણી હામ.
તે સારૂ ભૂમિ ઉપરે કાંઈ રાખ્યા છે સુખના સમાજ,
અમારા અંગ અંગની વસ્તુ રાખી છે જીવના કલ્યાણ કાજ.
ફરી ફરી ફેરો પડે તેવું કરવું નથી આ વાર,
સૌ જીવનો સામટો આજ કરવો છે ઉદ્ધાર.

મહારાજ અક્ષરધામ થી અહિ ભૂલોકમાં કેવળ કૃપા કરીને પધાર્યા. શ્રીહરિના હૃદયનો ભાવ સદગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણવ્યો છે. જીવ જગતના ઉપર મહારાજ અઢળક ઢળ્યા છે. આખા જગતના જીવોને મહારાજે પોતાના ધામમાં લઈ જવા છે. તેવી હામ મહારાજ ને છે.

તે માટે મહારાજે આ ભૂમિ પર સુખના સમાજ રાખ્યા છે. સુખના સમાજ એટલે શું ? સુખના સમાજ મહારાજે આપંણને નીચેના ચાર સ્વરૂપો આપ્યા છે.

**૧. આચાર્યશ્રી / ધર્મકુળ :** પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન, ધીર ગંભીર વાણી, સચોટ ઉદાહરણો રૂપી વર્ણનીય ઉપદેશથી સમગ્ર સત્સંગ સમાજના વડીલ સત્સંગીઓને મહારાજમાં અસાધારણ પ્રીતિ કાયમ જળવાઈ રહે તેવા આશીર્વચન અહર્નિષ મળ્યા કરે છે.

● પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પોતાના આગવા કૌશલ્યથી તથા સ્વયં મહારાજના જ ઘેરા અવાજથી માર્મિક ઉપદેશો આપીને સર્વે સત્સંગીઓના આચાર્ય/વડા તરીકે ઉમદા કાર્ય થઈ રહ્યું છે.

● પ.પૂ. ૧૦૮ લાલજી મહરાજશ્રી બાલ સત્સંગીઓ તથા સગીર સત્સંગીઓને બળ પ્રેરક વાતો કરી મહારાજમાં મિત્રતા થાય તેવી સુંદર વાતોથી પ્રભાવિત કરે છે.

**અમારા અંગ અંગની વસ્તુ રાખી છે જીવના કલ્યાણ કાજ....**

શ્રીહરિના અપર સ્વરૂપ એવા પૂજ્ય મોટા મહારાજશ્રી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીની ઉક્ત પંક્તિઓ (સ્વયં શ્રીહરિની અનુવૃત્તિ)ને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ દ્વારા ચરિતાર્થ કરી રહ્યા છે.

● વળી બહેનોના પણ કેવા ભાગ્ય ! શ્રીહરિએ બહેનો માટે પણ ગુરુ તરીકે પૂજ્ય અ.સૌ. ગાદીવાળા તથા પૂજ્ય માતુશ્રીનું અહર્નિષ સાંનિધ્ય આપ્યું છે.

ઘરના કુટુંબના દરેક ભાઈ-બહેન, માતા-પિતા, બાળ-ગોપાળ, વૃદ્ધ-વડીલ સર્વેને પોતાની ઉંમર અને રૂચિ મુજબના ગુરૂ માત્ર ધર્મકુળમાંથીજ મળી રહે તેવી અજોડ વ્યવસ્થા સ્વયં શ્રીહરિએ આપણા માટે કરી છે. આવી અજોડ રીત આખા જગતમાં માત્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જઅને એમાં પણ માત્ર અને માત્ર મૂળ સંપ્રદાયમાં જ મળે. બીજે તો ધામ નહિ પણ ધક્કા જ મળે.

**૨. સંત :** સંત એટલે સંસારનો જેના હૃદયમાં અંત છે તેવી વિભૂતિ. મહારાજ વખતના નંદ સંતોની પરંપરાના એકાંતિક સંતો તેમજ બહેનો માટે એકાંતિક સાંખ્યયોગી બહેનો આપણા મૂળ સંપ્રદાયને મળ્યા છે. સંપ્રદાયના નિયમ મુજબ ભાઈઓએ / સંતોનો અને બહેનોએ / સાંખ્યયોગી બહેનોનો સમાગમ કરીને આત્યંતિક મોક્ષનું ભાથું ભરી લેવું.

**૩. સત્‌શાસ્ત્ર :** શ્રીહરિએ પોતે શિક્ષાપત્રી આપી વચનામૃત એટલે શ્રીહરિની પરાવાણી. સત્સંગિજીવન અને સત્સંગિભૂષણ જેવા અણમોલ ગ્રંથ મળ્યા. ભક્ત ચિંતામણી તેમજ નંદ સંતો રચિત ઘણાં સત્‌શાસ્ત્રો આપણને વારસામાં મળ્યા છે. સ્વંય ભગવાને જે ગ્રંથ લખ્યા હોય, લખાવ્યા હોય અને પ્રમાણિત કર્યા હોય તેવી પ્રાપ્તિ અન્ય કોઈજ સંપ્રદાયમાં મળતી નથી.

**૪. મંદિર :** મહારાજે આપણા માટે જાતે મંદિરો બનાવડાવ્યા. માથે મોટા પાણા મુકીને સ્વયં શ્રીહરિએ મંદિરના કાર્ય કરીને સેવાની અદ્‌ભુત સરવાણી શરૂ કરી. અરે ! સ્વયં મહારાજે પોતે પોતાની મૂર્તિઓ પધરાવીને આ જીવ ઉપર ખરેખર રળિયાત રહ્યા છે. સ્વંય ભગવાને જાતે જ પોતાની મૂર્તિ પધરાવી હોય તેવા દાખલા અન્ય કોઈ ધર્મ / સંપ્રદાયમાં નથી. અરે વળી કૃપા પણ એવી કરી છે કે મંદિરમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનો હક્ક પણ માત્ર આચાર્યશ્રીને જ આપ્યો છે.

આપણે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો સહિત સમગ્ર ધર્મકુળનો આશરો, ધર્મકુળ આશ્રિત સંતો દ્વારા જ્ઞાન, મૂળ સંપ્રદાયના સત્‌શાસ્ત્રો, શ્રીહરિ / આચાર્યશ્રી નિર્મિત મંદિરો - મૂર્તિનું અનુસંધાન રાખી સાચા સત્સંગી બનીએ.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના શબ્દો યાદ આવી જાય છે.

"નોતી દીઠી ને નોતી સાંભળી રે,
પ્રગટાવી એવી પુનિત રે"
પુરૂષોત્તમ પ્રગટી રે.....

●

## ભક્તનું દુઃખ ભગવાનથી પણ સહન થતું નથી

- સાં.યો. ઉષાબા ગુરુ સાં.યો. કમળાબા (સુરેન્દ્રનગર)

ઘોર કળિયુગમાં કરૂણામય પરમાત્મા ધર્મ-ભક્તિને વેર પ્રગટ થયા. અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. અનેકના અંતઃકરણમાં રહેલા અજ્ઞાનરૂપ અંધારાનો નાશ કરી જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવ્યો. ને અનેક દુઃખી મનુષ્યોને સુખિયા કર્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વભાવ અતિ કરુણામય હતો. જીવોના અલ્પ દુઃખને તે જોઈ શકતા નહોતા. દુઃખી ભક્તને દેખતા જ અતિ ઉતાવળા થઈ જતા. ને ભક્તની વ્હારે આવી ભક્તની પીડાને ટાળતા. ભક્તવત્સલ ભગવાન હંમેશા ભક્તોની સહાય કરતા. ને ગમે તેવું દુઃખ આવે તો પરમાત્મા હાજર થઈ જતા હતા.

સૌરાષ્ટ્રમાં કમઢિયા નામનું ગામ છે. ત્યાં એકવાર શ્રીજીમહારાજ પધાર્યા હતા. પીપળાના ઝાડ નીચે બેઠા હતા. તે સમયે કાયાભાઈ નામના મુસલમાન ત્યાંથી નીકળ્યા. આમ તો બહુજ ક્રોધી હતા. તેથી ગામમાં તેમની સામે કોઈ બોલી શકતું નથી.

કાયાભાઈએ શ્રીજીમહારાજને જોયા તેથી તેમનું મન ખેંચાયું. તેથીજ તેઓ શ્રીહરિ સામું જોઈ રહ્યા. પૂર્વના મુમુક્ષુ જાણીને શ્રીહરિએ તેમને બોલાવ્યા; આવો કાયાભાઈ એટલે તેઓ પાસે ગયા. શ્રીહરિએ એ જ્ઞાન વાર્તાઓ કરી. તે સાંભળીને તેમનું હૃદય રંગાઈ ગયુ. કિંમતી મણિ ઉપર ચડેલ રજ ઉખડી ગઈ. શ્રીહરિના દર્શન કરવાથી મન મોહનવરની મૂર્તિમાં મોહી ગયું. તેથી તેઓ બોલ્યા, "મને તમારો શિષ્ય બનાવો. હું તમારા ધર્મ-નિયમો પાળીશ." પછી શ્રીજીમહારાજે વર્તમાન ધરાવી કંઠી પહેરાવી ગઢપુર આવ્યા.

કાયાભાઈ સત્સંગી થયા એટલે તેમની જ્ઞાતિના લોકો હાંસી મશ્કરી કરી હેરાન કરવા લાગ્યા. પરંતુ કાયાભાઈએ તો ક્રોધ કરવાનું છોડી દીધું હતું. તેથી મૌન રહીને સહન કરવા લાગ્યા. પછી દ્વેષી મુસ્લિમો ભેગા થઈને ગામ ધણી મુસલમાનને કહેવા લાગ્યા કે કાયાભાઈએ આપણો ઈસ્લામ ધર્મ છોડીને હિંદુનો ધર્મ પાળે છે. અને તેમના ઘેર મંદિર કરીને દરરોજ સાંજે લોકોને ભેગા કરીને સ્વામિનારાયણનું ભજન કરાવે છે. માટે એ હિંદુ ધર્મને છોડી દે એવો તાત્કાલિક ઈલાજ કરો. આ રીતની વાત સાંભળીને તુરત રાજાએ કાયાભાઈને બોલાવ્યા અને કહ્યું, તું સ્વામિનારાયણનો ધર્મ છોડી દે અને આપણો ધર્મ સ્વીકાર. ત્યારે કાયાભાઈએ કહ્યું, હે દરબાર "હું સ્વામિનારાયણ ધર્મ પાળુ છું. ત્યારથી હું દરેક રીતે સુધરી ગયો છું. અને ઘણા લોકોને સુધારું છું. માટે સત્સંગ નહિ છોડું." ત્યારે દરબારે હુકમ કર્યો જે આને આખો દિવસ તડકે બેસાડી રાખો. તુરંત સિપાઈઓએ કાયાભાઈને ઉનાળાના ધખ ધખતા તાપમાં બેસાડ્યા. તોપણ ભક્ત તો સ્વામિનારાયણ નામનું જ સ્મરણ કરવા લાગ્યા. ભક્તનું દુઃખ ભગવાનથી સહન ન થયું. તેથી દરબારના પેટમાં કાળી બળતરા ઉપડી. તુરંત અનેક વૈદ્યોને બોલાવ્યા. પણ કાંઈ ફેર ન પડ્યો. પછી શ્રીહરિના અનન્ય આશ્રિત રૂપશીભાઈએ દરબારને વાત કરી. "તમારી અંદર કોઈ રોગ નથી. પરંતુ ખુદાના ભક્તનો અપરાધ થયો છે. માટે પેટમાં બળે છે." તુરંત કાયાભાઈને બોલાવીને ભજન કરવાની છૂટ આપી. તેથી રાજાને ખૂબજ સારૂં થઈ ગયું. શ્રીહરિ આ રીતે પોતાના ભક્તોની સહાય કરે છે.

●

## આવાને આવા રે

- ચંપાબેન બી. પટેલ (બાપુનગર)

એક વખત શ્રીજી મહારાજ ગઢપુરમાં વિરાજતા હતા. સંધ્યા આરતી નારાયણ ધૂન્ય થઈ રહી. પછી મહારાજ થાળ જમ્યા, નિયમ-ચેષ્ટા પૂરા થયા. પછી સર્વ સંતો સૌ-સૌ ના આસને ગયા અને પોતાની રૂચિ પ્રમાણે કોઈ સંતો ધૂન કરવા બેઠા, કોઈ માળા કરવા બેઠા, પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી પ્રેમમગ્ન બનીને શ્રીહરિના કીર્તન કરતા હતા. મહારાજ અક્ષર ઓરડીએ પોઢ્યા હતા. શ્રાવણ માસ હતો ઝીણો ઝીણો વરસાદ પડતો હતો ! મહારાજ તો જાગી ગયા. અરે ! આટલા સરસ કીર્તન કોણ કરે છે ? ઊભા થયા અને વરસતા વરસાદમાં મહારાજ દરબારગઢમાં પધાર્યા. શરીર પર માત્ર શ્વેતાંબર ધારણ કર્યું હતું. અને શ્રીહરિના શરીર ઉપર વરસાદના બુંદ પડ્યા હતા તે જાણે સાચા મોતી હોય તેમ શોભી રહ્યા હતા અને પ્રેમસખી અડધું ખુલ્લું કમાડ વાખીને કીર્તન ગાતા હતા. ત્યાં મહારાજ કમાડ ને ધક્કો મારી પ્રેમસખી કીર્તન કરતા હતા તેમની સામે ધીમે રહીને બેસી ગયા. ત્યાં તો અંતરમાં મહારાજનું સ્વરૂપ દેખાતું હતું તે બંધ થયું ! પ્રેમસખીએ એકદમ આંખ ખોલી ત્યાં તો મહારાજ સામા બિરાજમાન હતા !

પણ કેવા ! કે વરસાદના બુંદથી શ્વેતાંબર પલળી ગયું છે અને જનોઈ ને ધરી રહ્યા છે. અને શરીર ઉપર વરસાદ ના બુંદ શોભી રહ્યા છે. છાતી ઉપર છાપુના ચિન્હ શોભી રહ્યા છે. તરત જ પ્રેમસખી ગાવા લાગ્યા,

આવા ને આવા રે, આવા ને આવા રે,
રહેજો મારી આંખલડીમાં ..... આવાને આવા રે.
આવાને આવા મારા નાથ બિરાજો, હાંરે મારા તનના તાપ બુઝાવા રે.
ડોલરના નિત હાર પહેરાવું, હાંરે રૂડા તોરા લાવું લટકાવા રે...
અમૃતવેણે સુકોમળ નેણે, હાંરે અતિ અમૃત ઝડી વરસાવા રે...
પ્રેમાનંદ કહે નાથજીને આગે, હાં રે રહું હાજર નિશ દિન ગાવા રેજો...

"પૂ. ગાદીવાળાશ્રીને કોટી કોટી પ્રણામ."

●

## ભક્તિ

- જયશ્રી સુરેશકુમાર ઝિંઝુવાડીયા (ધ્રાંગધ્રા)

જેને આ દુઃખરૂપ એવો જે સંસાર તેના બંધનથી છૂટીને આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને પામવાની ઈચ્છા હોય તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરવી.

અને તે ધર્મ ત્યાગી તથા ગૃહસ્થ તથા બાઈઓ આદિકના શિક્ષાપત્રી, ધર્મામૃત તથા નિષ્કામ શુદ્ધિ આદિકને વિષે શ્રીજી મહારાજે કહેલા છે. તે પ્રમાણે ધર્મનું પાલન કરવું અને તે ધર્મ કોને જાણવો ? તો શિક્ષાપત્રીમાં કહેલું છે જે શ્રુતિ તથા સ્મૃતિ તેણે પ્રતિપાદન કરેલો જે સદાચાર તેને ધર્મ કહેલો છે. અને જીવ, માયાને ઈશ્વર તેના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહેવાય છે. અને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે સિવાય બીજા પદાર્થમાં પ્રીતિ નહી. તેને વૈરાગ્ય કહેલી છે. આવી રીતે ત્રણે અંગે સહિત ભગવાનની ભક્તિ કરવી. અને ભક્તિનું સ્વરૂપ એ છે જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તેને ભક્તિ કહેવાય છે. અને તે ભક્તિ.

આવી રીતે નવ પ્રકારની ભક્તિ કહેલી છે તે ભક્તિનું ધર્મ એ મસ્તક કહેવાય છે. જ્ઞાન એ ભક્તિનું હૃદય કહેવાય છે. અને વૈરાગ્ય એ ભક્તિના ચરણ કહેવાય છે. માટે એ ત્રણે અંગે સહિત ભગવાનની ભક્તિ કરવી. અને તેવા પ્રકારની ભક્તિને જ એકાંતિક ધર્મ કહેવાય છે. તથા તેને જ ભાગવત્ ધર્મ કહેવાય છે. માટે ધર્માદિક અંગે સહિત જ ભગવાનની ભક્તિ કરવી. અને તેવા પ્રકારની ભક્તિ તો સત્સંગ થકી જ પ્રાપ્ત થાય છે, હવે તે સત્સંગ કોને જાણવો, તો સર્વ અવતારના અવતારી, એવા જે શ્રીપુરુષોત્તમ નારાયણ ભગવાન તેને સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય, સુખ એવા અનંત કલ્યાણકારી ગુણે યુક્ત યથાર્થપણે જાણવા, અને જેમાં ભગવાનનું સ્વરૂપ, ગુણ, ઐશ્વર્ય અને ચરિત્ર તેનું વર્ણન હોય તથા એકાંતિક સાધુના ધર્મ જેમાં કહેલા હોય એવા જે શાસ્ત્ર, તેને વાંચવા ને સાંભળવા.

અને જો ભગવાનની ભક્તિ કરતા તેમાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય, તથા ધર્મ, તે જો અંતરાય કરતા હોય, તો તેને પણ પાછાં પાડીને ભક્તિનું જ મુખ્યપણું રાખવું, કારણ કે તે વચનામૃત વડતાલના ત્રીજામાં કહેલું છે જે "અતિશય માહાત્મ્યે સહિત ભગવાનને વિશે જો ભક્તિ હોય તો ધર્માદિક એ ત્રણે અંગ તેને વિષે આવી જાય છે. અને તે મધ્હાત્મ્યે સહિત ભક્તિ, જીવના હૃદયમાં સાધન દશાવાળા એકાંતિક તથા સિધ્ધ દશાવાળા પરમ એકાંતિક સાધુની સેવા મન, કર્મ, વચને કરતો આવે છે, અને તે માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે.

માટે માહાત્મ્યે સહિત જ ભગવાનની ભક્તિ કરવી.

●

# પ્રશ્નપેટી

**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)**

*પ્રશ્ન : ૧* જ્યેષ્ઠજીત રાજા કોના પુત્ર હતા ?

*પ્રશ્ન : ૨* આદિ સત્યુગથી બદરીકાશ્રમમાં રહીને નરનારાયણદેવ શા માટે તપ કરે છે ?

*પ્રશ્ન : ૩* મહાનુભાવાનંદ સ્વામી પોતાના મંડળ સાથે સારંગપુર ઉત્સવ પ્રસંગે બહાર ગામથી આવ્યા એ વખતે સ્વામિનારાયણ ભગવાન જીવા ખાચરના દરબારની ઓસરીમાં બિરાજેલા, સ્વામીએ આવીને મહારાજને દંડવત્ કર્યા ત્યારે શ્રીજી મહારાજ ચરણ લાંબા કરીને બિરાજેલા. સ્વામી શ્રીજી મહારાજના ચરણ દબાવવાની જ્યાં શરૂઆત કરે છે ત્યાં તો અરે આ શું થયું ?

*પ્રશ્ન : ૪* નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો, ભવ બ્રહ્મા દિકને નિશ્ચે મળતી નથી..... પંક્તિ પૂર્ણ કરો.... અને કોણે આ કડીની સુંદર રચના કરી છે ?

*પ્રશ્ન : ૫* ગઢડાની નજીકમાં એક ગામ છે. માંડવધાર ત્યાં દાદા ખાચરનો ગિરાસ હતો. એની જમીન બાબતે થોડી થોડી કાયમ તકરાર રહ્યા કરતી એટલે કેટલાક લોકોને દાદા ખાચરને લીધે શ્રીજી મહારાજની સાથે પણ દ્વેષ ભાવ બંધાયેલો. હવે આ માંડવધારમાં એક રબારી રહેતો તે પણ દ્વેષ ભાવ રાખતો તો. તે રબારીનું નામ શું હતું ?

*પ્રશ્ન : ૬* ગામ સુંદરીયાણાના અગ્રણી વૈષ્ણવ વૈધરાજ કોણ થઈ ગયા કે જેને ગોપાળાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો ?

*પ્રશ્ન : ૭* મારા પ્રાણજીવન (૨) આવલડું અમ સાથે, કહોને કેમ કીધું. પહેલા પિયુષ પાઈ (૨) વાલમજી વાંસેથી વિષડું કેમ દીધું.... શ્રીજી મહારાજને ઠપકો આપતા આ પદના રચયિતા કોણ છે ?

## જાન્યુઆરી-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

*(૧)* ગઢડા પ્ર.-૩૭ મું વચનામૃત. *(૨)* "આ ઘરેણાં મૂળી મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવની સેવામાં વાપરજો." *(૩)* "પ.પૂ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી હતા, તેમનો ગાદી અભિષેક સંવત ૧૮૮૨ ને કારતક સુદ-૧૧ ના થયો હતો. *(૪)* નાગેશ રાજા અને રણગામી રાજાની પુત્રી હતી. *(૫)* સ.ગુ. મુક્તાનંદ સ્વામી. *(૬)* ખાલી હાથે ન જવું તે શિક્ષાપત્રીના ૩૭ માં શ્લોકમાં કહ્યું છે. *(૭)* સ.ગુ. બ્રહ્મમહોલના કવિ બ્રહ્માનંદ સ્વામી.

૧. વિનોદભાઈ પટેલ (વહેલાલ)
૨. ગોરધનભાઈ એસ. પટેલ (સોજા)
૩. અમૃતલાલ ક. મોદી (સોજા)
૪. ગંગાબેન પી. પટેલ (ઝુલાસણ)
૫. હસુબેન કે. ઠક્કર (ઈસનપુર)
૬. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (અમદાવાદ)
૭. જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૮. પટેલ હાર્દ, હેલી કીરીટભાઈ (નરોડા)
૯. સુભદ્રાબેન રમેશભાઈ પટેલ (કનીપુર)
૧૦. ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)
૧૧. મફાજી સરદારજી ડાભી (ડાંગરવા)
૧૨. રેખાબેન કીર્તિભાઈ પટેલ (ઊંઝા)
૧૩. ભાવનાબેન કમલેશકુમાર ખંધડિયા (મોરબી)
૧૪. વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
૧૫. અરવિંદાબેન એન. ભાવસાર (અમદાવાદ)
૧૬. સાંખ્યયોગી મંજુબા - ભારતીબા (હવેલી)
૧૭. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૧૮. અંજનાબેન મનુભાઈ પટેલ (દહેગામ)
૧૯. સાંખ્યયોગી શિલ્પાબા (સુરેન્દ્રનગર)
૨૦. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૨૧. ભાનુબેન ભગવાનભાઈ પરમાર (બોડકા)
૨૨. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨૩. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨૪. અમરશીભાઈ વી. વિઠ્ઠલપરા (નવસારી)
૨૫. અશોકભાઈ ભોળીદાસ પટેલ (વડુ)
૨૬. માધવજીભઈ આદ્રોજા (મોરબી)
૨૭. સાકરબેન નટવરભાઈ પટેલ (દહેગામ)

**શ્રી નરનારાયણદેવ દેશ તાબાના હરિમંદિરના કોઠારીશ્રીઓ જોગ**

સમસ્ત અમદાવાદ, મૂળી અને ભૂજના હરિમંદિરોના કોઠારીશ્રીઓને જણાવવામાં આવે છે કે શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર અમદાવાદના હરિમંદિર અંગેની માહિતીઓના ફોર્મ હજુ ઘણા કોઠારીઓએ ભરીને મોકલ્યા નથી. જે વહેલાસર મોકલવા તાકીદ કરવામાં આવે છે. તેમજ દરેક **કોઠારીશ્રીઓએ પોતાના ફોન નંબર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર કોઠારી સ્વામીને ફોનથી** અથવા પત્રથી મોકલવા જણાવવામાં આવે છે.

# सत्संग समाचार

## પવિત્ર તીર્થભૂમિ નારાયણઘાટ મંદિરમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો

સાબરમતીના તટે આવેલા પુણ્ય-પવિત્ર મહાન તીર્થભૂમિ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અતિ રાજીપાથી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) તથા અત્રેના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૧-૧-૨૦૦૯ ને રવિવારના શુભ દિને ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

પ્રાસંગિક સભામાં શ્રીજી મહારાજના સમયમાં કરેલ શાકોત્સવના મહિમાનું સુંદર વર્ણનની કથા સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ ખૂબજ મહિમા સાથે સમજાવી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો મહા અલૌકિક વધાર થયો ત્યાર ત્યાં ઉપસ્થિત પૂજનીય અનેક સંતો અને હજારો હરિભક્તોને દિવ્યાનંદની અનુભૂતિ થઈ. અહીંયા વિશાળ મંદિર અને વિશાળ મંદિરના ચોકમાં માનવમેદની એટલી ઉમટી હતી કે પગ મૂકવાની જગ્યા શોધવી પડે. દૂરદર્શન અને ઈ.ટી.વી.ની કેમેરા ટીમે તેના અદ્‌ભુત કેમેરામાં આ પ્રસંગને કંડારીને ગુજરાતની ધાર્મિક જનતાને તેના દર્શન કરાવીને સુંદર સેવાનું કામ કર્યું હતું.

છેલ્લે સમસ્ત સભાને અને યજમાન પરિવારોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગના મુખ્ય યજમાન પ.ભ. કાંતિભાઈ રેવાભાઈ પટેલ, શ્રી અમિત કાંતિભાઈ આંગડીયા, હ. શ્રી રાજુભાઈ (વિહાર) સહ યજમાન પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ, પ.ભ. ડૉ. મનોજ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ, હ. રાજદિપ બ્રહ્મભટ્ટ (નારણપુરા) શાકના યજમાન પ.ભ. કાંતિભાઈ જોઈતારામ પટેલ (ઘનશ્યામ કન્ટ્રકશન કું. હ. દિનેશ, જયેશ અને નિલેશ) પરિવારે સુંદર લાભ લીધો હતો. આ સિવાય પણ અનેક હરિભક્તોએ સેવા આપી હતી. સભા સંચાલન સ.ગુ.શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી કોટેશ્વર ગુરુકુળ)એ સંભાળ્યું હતું.

અન્ય સેવામાં સ.ગુ. બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) પૂજારી સ્વા. બાલસ્વરૂપદાસજી, શા.સ્વા. વ્રજભૂષણદાસજી, શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, વડીલ સંત ભાંનુપ્રકાશદાસજી, શા.સ્વા.અભયપ્રકાશદાસજી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

*(યોગી સ્વામી - ગુરુ મહંત સ્વામી અમદાવાદ મંદિર)*

## શ્રીહરિના પ્રસાદીના મોટેરા ગામે પારાયણ-શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી કોટેશ્વર ગુરુકુળ)ની પ્રેરણાથી શ્રીજી મહારાજના દિવ્ય ચરણોથી અંકિત મોટેરા ગામે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૨-૧૨-૦૮ થી તા. ૩૦-૧૨-૦૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન (રાત્રી) નવાન્હ પારાયણનું સુંદર આયોજન સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર)ના વક્તા પદે સંગીતમય શૈલીમાં સુંદર રીતે સંપન્ન થયું. આ પ્રસંગે ભવ્ય શાકોત્સવ પણ ધામધૂમથી ઉજવાયો હતો. જેના યજમાન પદે પ.ભ. ભાઈલાલભાઈ અંબાલાલ પટેલ પરિવારે અલભ્ય દેવ દુર્લભ લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. શાકોત્સવમાં ઘણાજ હરિભક્તોએ સેવા આપી હતી.

તા. ૩૦-૧૨-૦૮ ના શુભ દિને સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે કથા પારાયણની પૂર્ણાહુતિ તથા શાકોત્સવનો અલૌકિક વધાર સુંદર રીતે સંપન્ન થયો. ખરેખર આવા અલૌકિક દર્શન ભાગ્યશાળીને જ થાય.

આ પ્રસંગે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, (અમદાવાદ, કાલુપુર) સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, (નારાયણઘાટ) સ.ગુ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) આદિ સંત મંડળ ઉપસ્થિત રહ્યાં હતા. હજારો ભક્તજનોએ કથામૃતના અમૃત આચમન સાથે શાકોત્સવનો મહાપ્રસાદ લીધો હતો.

*(શા.સ્વા. અભયપ્રકાશદાસજી)*

## સમૌ મંદિરમાં કથા પારાયણ અને શાકોત્સવ ઉજવાયા

સર્વોપરિ શ્રીહરિની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી કોટેશ્વર ગુરુકુળ)ની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સમૌ દ્વારા તા. ૪-૧-૦૯ થી તા. ૧૦-૧-૦૯ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ જ્ઞાનયજ્ઞ સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર)ના વક્તાપદે સંગીતમય શૈલીમાં હજારો ભક્તજનોએ કથામૃતનું પાન કર્યું હતું. પારાયણના મુખ્ય યજમાન પદે પ.ભ. ચૌધરી બળદેવભાઈ વેલજીભાઈ અને પ.ભ. ચૌધરી ભગાભાઈ વેલજીભાઈ પરિવારે લાભ લીધો હતો.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને કથા પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય

મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો અલૌકિક વધાર કરવામાં આવ્યો હતો. જે પ્રસંગ અતિ ધન્ય અને રળીયામણો લાગતો હતો. આ પ્રસંગમાં અનેક નામી-અનામી હરિભકતોએ સેવા કરીને શ્રીહરિ અને પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. બહેનોના આમંત્રણને માન આપી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને બહેનોને આશીર્વાદ આપીને ખૂબજ રાજી થયા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વા. આનંદજીવનદાસજી, શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) આદિ સંતોએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર સભાનું સંચાલન સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી)એ સુંદર રીતે સંભાળ્યુ હતું. આ પ્રસંગે અમદાવાદથી સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ), બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) સ.ગુ.સ્વા. સૂર્યપ્રકાશદાસજી, સ.ગુ. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (બાલવા) આદિ સંત મંડળે પધારી સુંદર લાભ આપેલ. *(શા. જયકૃષ્ણદાસજી, અમદાવાદ મંદિર)*

### જેતલપુર ધામમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ

શ્રીહરિને અત્યંત પ્રિય જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૯-૧૨-૦૮ થી તા. ૪-૧-૦૯ પ્રયન્ત શ્રીમદ્ સત્સંગિ ભૂષણ સપ્તાહ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ.

આ પારાયણના યજમાનપદે પ.ભ. રમેશભાઈ નારાયણભાઈ ખેતાણી, ધર્મપત્ની રતનબેન આર. ખેતાણી, સુપુત્ર શ્રી કિશન, સુપુત્રી દીનાબેન આદિ પરિવારે (સુખપર (કચ્છ) હાલ લંડન) લાભ લીધો હતો.

સતત સાત દિવસ પર્યન્ત જેતલપુર અને આજુબાજુના ગામો, અમદાવાદ તેમજ કચ્છના ૧૦૦૦ જેટલા હરિભક્તો અને ૧૫૦ સાંખ્યયોગી બાઈઓએ કથામૃતનો દિવ્ય લાભ લીધો.

પારાયણના વકતાપદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી જેતલપુર)એ બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. સમસ્ત ધર્મકુળ અને ધામોધામના સંતોએ પધારીને કથામૃત પાન કર્યું હતું.

તા. ૩૧-૧૨-૦૮ ના રોજ શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં ૨૫૦૦ હરિભક્તોએ લાભ લીધો હતો. તા. ૧-૧-૦૯ ના રોજ સમૂહ મહાપૂજામાં ૪૦૦ જેટલા હરિભક્તોએ સજોડે લાભ લીધો હતો. રાત્રી સાંસ્કૃતિક પ્રોગ્રામમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર વાડીના સંતોએ ડાંગ રાસ તથા પંચાળાનો રાસ રમીને સૌને આનંદિત કર્યા હતા. તેમજ ઠાકર થાળીનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ. તા. ૨-૧-૦૯ થી તા. ૪-૧-૦૯ પર્યન્ત મહાવિષ્ણુયાગ યોજાયો. યોગાનુયોગ શ્રીહરિએ આજથી ૨૦૦ વર્ષ પહેલા આજ દિવસે જેતલપુરમાં મહાવિષ્ણુયાગ કરેલો જે લાભ યજમાન પરિવારે લઈને જીવન ધન્ય બનાવ્યું.

તા. ૪-૧-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સામૈયું ગાદી પર પદારુઢ થયા બાદ પ્રથમ વખત જેતલપુર ગામમાં ભવ્યાતિ ભવ્ય થયું હતું. જેમાં કચ્છ સત્સંગ અમદાવાદ અને દશકોશીના હરિભક્તો જોડાયા હતા. તા. ૪-૧-૦૯ ના રોજ પારાયણની પૂર્ણાહુતિના દિને યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરીને વક્તાશ્રીનું અને સહિંતાપાઠી વક્તાશ્રીનું અને સંતોનું પૂજન કરવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને આંશીર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવમાં સેવા કરનાર સ્વયં સેવકોનું મહંત સ્વામીએ સન્માન કર્યુ હતું. સૌ સંત હરિભક્તોએ ઠાકોરજીના અન્નકૂટ દર્શન, આચાર્ય મહારાજશ્રીના દર્શન કરી મહાપ્રસાદ લીધો હતો. પારાયણ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(મહંત કે.પી. સ્વામી)*

### જેતલપુરધામમાં ધનુર્માસની ઉજવણી

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી રેવતી બળદેવજી મહારાજના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી; પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી તથા મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી ધનુર્માસમાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રની ધૂનથી સુપ્રભાતમાં ભક્તિનું દિવ્ય વાતાવરણ લાગતું હતું. જેતલપુરવાડીના વિદ્યાર્થી સંતો અને બ્રાહ્મણ બટુકોની વિશાળ હાજરીમાં ગામના અને આજુબાજુના ગામોના ભક્તોએ લાભ લીધો હતો. તા. ૧૨-૧-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધૂનમાં પધાર્યા હતા. અને સૌને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો.

*(મહંત કે.પી. સ્વામી)*

તથા જેતલપુર બહેનોનું મંદિરમાં (હવેલી) પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના રૂડા આશીર્વાદથી સાં. બચીબાની પ્રેરણાથી ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન આખો માસ કરી હતી. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ધૂનમાં પધારીને બહેનોને દિવ્ય દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું હતું. તા. ૧૦-૧-૨૦૦૯ના રોજ હવેલીમાં ખીચડી ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. *(પ્રેમીલાબેન જેઠવા)*

### હર્ષદ કોલોની (બાપુનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં બાપુનગરના પૂર્વ વિસ્તારમાં સૌરાષ્ટ્રનાં હજારો લોકો હીરા ઘસવાનું કામ કરીને જીવન વ્યતિત કરતા હતા. પરંતુ વૈશ્વિક મંદીના કારણે હજારો લોકો બેકાર થતા તેમને મદદરૂપ બનવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તથા શ્રી દાસભાઈની પ્રેરણાથી શ્રી ભરતભાઈ ભાવસાર તથા શ્રી વલ્લભભાઈ બાબરીયા તરફથી અને હર્ષદકોલોની આપણા મંદિર તરફથી તા. ૧૧-૧-૦૯ ના રોજ જરૂરીયાતમંદ લોકોને ૩૦૦ અનાજની કીટનું વિતરણ કરવામાં

આવ્યું હતું. જેમાં ૧૨ કિ. ઘઉં, ૨ કિલો ચોખા અને ૧ કિલો મગદાળ વગેરે આપવામાં આવેલ. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રશંસનીય સેવા બજાવી હતી.

*(ગોરધનભાઈ સીતાપરા)*

### ઈડર દેશમાં ઉજવાયેલ ઉત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઈડરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ધામધૂમથી ઉજવાયેલ. આજુબાજુના ગામના હરિભક્તોએ ધૂનમાં લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.

મણિયોર ગામે : આપણા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૩૧-૧૨-૦૮ ના રોજ ઠાકોરજીનો પાટોત્સંવ ધામધૂમથી ઉજવાયો. હરિભક્તોએ પાટોત્સવ અને અન્નકૂટના દર્શન કરીને રાજી થયા હતા.

અરોડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૮-૧૨-૦૮ ના રોજ શાકોત્સવ ભવ્યતાથી ઉજવાયો. ગામના પ્રેમી હરિભક્તોએ શાકોત્સવના દર્શન અને સંતોની પ્રેરક વાણીનો લાભ લઈ આનંદિત થયા હતા. તેજ રીતે સાચોદર ગામના આપણા મંદિરમાં તા. ૨૫-૧૨-૦૮ના શાકોત્સવનું સુંદર આયોજન થયું હતું. સંતોએ શાકનો વઘાર કરીને ઠાકોરજીને ધરાવીને સમસ્ત ગામે દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરીને ખૂબજ લાગણી સભર બન્યા હતા.

*(સાધુ સત્યસંકલ્પદાસ)*

### સાબરમતી (રામનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજનીય સંતોની પ્રેરણાથી ધનુર્માસમાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહામંત્ર ધૂનમાં વહેલી સવારે ૩૫૦ જેટલા હરિભક્તો લાભ લેવા પધારતા હતા. આ પ્રસંગે કોટેશ્વર ગુરુકુળથી શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા કાંકરિયાના મહંત શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા શા. યજ્ઞસ્વરૂપદાસે કથામૃતનો લાભ આપેલ.

તા. ૧૧-૧-૦૯ ના કોટેશ્વર ગુરુકુળ ખાતે શાકોત્સવ ઉજવીને ૧૦૦૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ શાકોત્સવનો સુંદર મહિમા વર્ણવ્યો હતો.

*(રાવજીભાઈ ટી. પટેલ)*

### નારાયણપુરા (તા. કડી) ગામ તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા શા.સ્વા. આનંદજીવનદાસજીની પ્રેરણાથી નારાયણપુરા ગામ તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ્રસાદીની વસ્તુ પધરાવવા માટે તા. ૫-૧-૦૯ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીને આમંત્રણ પાઠવ્યું હતું. હરિભક્તોએ ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. પ.ભ. અંબાલાલભાઈ, હરજીવનદાસને ત્યાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને પ.ભ. અંબાલાલભાઈના દાદા પ.ભ. ચતુરભાઈ ઝવેરભાઈ પરિવાર તરફથી વારસાગત મળેલી શ્રીહરિની અલૌકિક પ્રસાદીની વસ્તુઓ ખેસ, માળા, નખ, કેશ, ચરણારવિંદ અને મૂર્તિ પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરી હતી. તે સાથે ગામના હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં ૭૫ હજાર રૂપિયાની સેવા અર્પણ કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. આ પ્રસંગે સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી આદિ સંત મંડળ પધારેલા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન અને રાજી થઈને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

*(શા. ધર્મકિશોરદાસ)*

### વાવોલ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા શા.સ્વા. નારાયણવલ્લભદાસજીની પ્રેરણાથી સાં. સુરજબા (પૂજારી) તરફથી ડિસેમ્બર માસમાં શ્રીમદ્ સત્સંગિજીવન (બીજું પ્રકરણ) કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને સાં. સુરજબા તથા બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

*(શા.સ્વા. આનંદજીવનદાસજી)*

### લવારપુર શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા શા.સ્વા. નારાયણવલ્લભદાસજીની પ્રેરણાથી અત્રેના ગામ સમસ્ત હરિભક્તો તરફથી પોષ માસમાં ભવ્યાતિભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. શાકોત્સવની તમામ સેવા પ.ભ. રાજુભાઈ કાળાભાઈ જેશંગભાઈએ આપી હતી. અમદાવાદથી સંતોએ પધારીને સૌને કથાનું રસપાન કરાવીને ભગવાનનું વિશેષ ભજન કરવાના આશીર્વાદ આપ્યા હતા.

*(શા. આનંદ સ્વામી)*

### ચાંદીસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવત કથા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ચાંદીસણા શ્રી સ્વામિનારાયણ મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવના ઉપલક્ષમાં તા. ૪-૧-૨૦૦૯ થી તા. ૬-૧-૦૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની ત્રિદિનાત્મક કથા શા.સ્વામી અભિષેકપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. સંહિતા પાઠમાં શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (બાલવા) બિરાજ્યા હતા.

તા. ૪-૧-૦૯ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને ગ્રામજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત ગામ તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રૂા. ૫૧,૦૦૦/- અર્પણ કર્યા હતા. આ પ્રસંગ દરમ્યાન રાત્રી કાર્યક્રમમાં વિસનગરથી શ્રી સહજાનંદ કિશોર મંડળે કીર્તન ભક્તિનો સુંદર લાભ આપેલ.

તા. ૬-૧-૦૯ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના હરિભક્તોએ સંતો સાથે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ભવ્ય શોભાયાત્રાના રૂપે સમૈયું કરી

વધાવ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીએ સૌ પ્રથમ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સભામાં અગ્રગણ્ય હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સમૂહ આરતી ઉતારી હતી.

આ પ્રસંગે અમદાવાદ, જેતલપુર, માણસા, સિધ્ધપુર, ગાંધીનગર (સે.-૨) આદિ મંદિરોના સંતોએ પધારીને સુંદર અમૃત વાણીનો લાભ આપ્યો હતો.

*(શા.સ્વામી આનંદજીવનદાસજી)*

### માણેકપુર મંદિરમાં પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તથા નારાયણપુરા મંદિરના મહંત શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી પ.ભ. ગોપાલભાઈ લવજીભાઈ ચૌધરી પરિવાર તરફથી તેમના પિતાશ્રી અ.નિ. લવજીભાઈ મસોતભાઈ તથા માતુશ્રી જોઈતીબેનના સ્મરણાર્થે તા. ૨૦-૧૨-૦૮ થી તા. ૨૪-૧૨-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત કથા શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (મહંતશ્રી, નારણપુરા)ના વક્તાપદે થઈ હતી. કથા પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરી સભામાં પધાર્યા હતા. જ્યાં યજમાન પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને પ.ભ. લવજીભાઈની સેવાને બિરદાવીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે અનેક ધામોના સંતોએ પધારીને પ્રસંગને શોભાવ્યો હતો.

*(શા. આનંદજીવનદાસજી)*

### આદિશ્વરનગર નવા નરોડા શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધનુર્માસ ધૂન મહોત્સવ અને તા. ૪-૧-૦૯ ના રોજ શાકોત્સવ હરિભક્તોએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદ મંદિર, નારણઘાટ મંદિર, નિકોલ અને વહેલાલથી સંત મંડળે પધારી કથા વાર્તાનો લાભ આપ્યો હતો. મ્યુ. કોર્પો. શ્રી ભરતભાઈ પટેલ તથા ડે. મેયર શ્રી કલ્પનાબેન ભટ્ટ વગેરેએ દર્શનનો લાભ લીધો હતો.

*(બેચરભાઈ પરમાર)*

### દહેગામ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને ગામના સર્વે સર્વે હરિભક્તોના સાથ સહકારથી આખો ધનુર્માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. જેમાં દરેક ભાઈ-બહેનો-બાળકો અને વૃદ્ધો સહિત લાભ લીધો હતો. *(કોઠારી અરવિંદભાઈ અમીન)*

### કાલીયાણા શ્રી સ્વામિનારાયણ મંદિર

ધનુર્માસમાં બન્ને શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની મંગળા આરતી બાદ ગામમાં પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૬-૦૦ વાગ્યા સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને કીર્તન ભક્તિ અને છેલ્લે પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહીં બહેનોના સત્સંગને ખૂબજ પોષણ મળ્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર થાય છે.

*(કોઠારીશ્રી)*

### હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા મહંત શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજીના માર્ગદર્શન મુજબ સ્કીમ કમિટી સભ્ય પ.ભ. ડૉ. કે. કે. પટેલ પરિવારના યજમાન પદે શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૪-૧-૨૦૦૯ ને રવિવારના રોજ ભોલેશ્વર મહાદેવ ખાતે નેત્રામલીના પ.ભ. ડૉ. કે. કે. પટેલ સાહેબે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ હિંમતનગર, ઈડર અને ટોરડાના મહંતશ્રીઓએ શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો. ડૉ. સાહેબે આ પ્રસંગમાં સેવા-સહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો. ઠાકોરજીને થાળ આરતી બાદ સૌએ મોટી સંખ્યામાં શાકોત્સવનો પ્રસાદ લઈ રાજી થયા હતા.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખૂબજ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. તેજ રીતે બહેનોની રોટલા બનાવવાની સેવા પણ પ્રસંશનીય હતી.

*(અમૃતભાઈ એસ. પટેલ)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અહીંના મંદિરમાં ધનુર્માસમાં ૬-૩૦ થી ૭-૦૦ નિયમિત ધૂન કરવામાં આવી હતી. તા. ૩૦-૧૨-૦૮ થી ૧૪-૧-૦૯ સુધી શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા બપોરે ૩ થી ૪ સુધી સ્વામી ભક્તિપ્રિયદાસજી (લેઈવાળા)એ કરી હતી. મંદિર તરફથી ઉતરાયણના દિવસે શ્વાનોને લાડુ ખવડાવામાં આવ્યા હતા. દરેક હરિભક્તોએ ધૂનનો લાભ લીધો હતો.

*(કોઠારીશ્રી)*

### વહેલાલ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સાધુ ચૈતન્યમુનિદાસની પ્રેરણાથી ધનુર્માસમાં શ્રીહરિની મહામંત્ર ધૂન તથા તા. ૧૧-૧-૦૯ ના રોજ શાકોત્સવ ઉજવવામાં આવેલ. જેમાં સંતોએ સુંદર કથાવાર્તાનો લાભ આપેલ. આ પ્રસંગમાં આજુબાજુના ગામોના ભાવિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

*(ગોરધનભાઈ સીતાપરા)*

### ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ ઉજવાયો

અમદાવાદના ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૨-૧-૨૦૦૯ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અલૌકિક શાકનો વઘાર કરી શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) નાના પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી) શા.સ્વા. રામકૃષ્ણદાસજી અને મહેસાણા મંદિરના

સંતોએ ભગવાનના લીલા-ચરિત્ર અને શાકોત્સવનો મહિમા સાથે ધર્મકુળ માહાત્મ્ય સમજાવ્યું હતું. છેલ્લે સમસ્ત સભાને અને સંતો ઉપર ખૂબજ રાજી અને પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. હજારો હરિભક્તોએ દર્શન કરીને શાકોત્સવનો મહા પ્રસાદ લઈ કૃતાર્થ થયા હતા. કોઠારી પ.ભ. સોમભાઈ પટેલ આદિ આગેવાન હરિભક્તોએ સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

*(પ્રવિણભાઈ પટેલ)*

### ઘરિયાવદ (રાજસ્થાન)

અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૫-૧૨-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ મહંત શા.સ્વા. વાસુદેવચરણદાસજીના વક્તાપદે સંગીત શૈલીમાં હિન્દી ભાષામાં સંપન્ન થઈ હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં કથાનો લાભ લીધો હતો.

જેના યજમાન ગામ મ્યાલાના સરપંચ પ.ભ. નારાયણ લાલજી મીણા પરિવાર રહ્યાં હતા. કથામાં આવતા પ્રસંગો ધામધૂમથી ઉજવ્યા હતા. આ પ્રસંગે શા. અચલપ્રકાશદાસ તથા શા. સુખનંદનદાસે સારી સેવા બજાવી હતી. *(શ્રીજીસ્વરૂપદાસ)*

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### મૂળી મંદિરમાં ધનુર્માસ ધૂન

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં પવિત્ર ધનુર્માસમાં બ્રહ્માનંદ સભા મંડપમાં સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજની નિશ્રામાં સંત-હરિભક્તો દ્વારા પ્રાતઃ ૬ થી ૭ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. અંદાજે ૮૦૦ થી ૧૦૦૦ જેટલા ભક્તજનોએ આખો માસ ધૂનનો લાભ લઈ દિવ્યાનંદ અનુભવ્યો હતો. અત્રેના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજીએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. *(ભરત ભગત)*

### ચરાડવા મંદિરમાં ધનુર્માસની ઉજવણી

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આખો ધનુર્માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનથી ગુંજી ઊઠ્યો હતો. ચરાડવા મંદિરના ૫૦ જેટલા ગામોમાં આખો માસ સંતો દ્વારા કથા-વાર્તા-ધૂન,ભજન આદિ કરવામાં આવ્યા હતા. ચરાડવા મંદિરના મહંત સ્વામી હરિપ્રકાશદાસજીના માર્ગદર્શનથી ધૂનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગામના તમામ ભક્તજનોએ દિવ્ય લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું.

*(શ્રી ન.ના.દેવયુવક મંડળ)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવાધામ

ચરાડવા ધામ ખાતે છપૈયાધિશ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના રૂડા સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહ રાજીપાથી તા. ૧૬-૧-૦૯ થી તા. ૧૮-૧-૦૯ દરમ્યાન પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં સત્સંગ મહિલા શિબિરનું સુંદર આયોજન થયું હતું. જેમાં દશ હજારથી પણ વધુ સંખ્યામાં કર્મયોગી બહેનો જોડાયા હતા. સમસ્ત બહેનોને સતત ત્રણ દિવસ સુધી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ સર્વોપરિ ઈષ્ટદેવનું માહાત્મ્ય મહિમા સાથે પોતાની દિવ્ય અલૌકિક અમૃતવાણી-આશીર્વાદ રૂપી ધોધ વહેવડાવીને અલૌકિક સુખ આપ્યું હતું.

આ પ્રસંગે ધર્મકુળ પૂજનના યજમાન પ.ભ. કિનાબેન નવિનભાઈ માંડલીયા પરિવારે (મોરબી) લાભ લીધો હતો.

શ્રીહરિ મૂળી પુરમાં અલર્કવાવે રાસ લીલા રમ્યા હતા. તે જ રીતે અહીં ભવ્ય રાસ લીલા બહેનો સાથે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી રમ્યા હતા. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં મહાપૂજા ધામધૂમથી સંપન્ન થઈ. જેના યજમાનનો લાભ પ.ભ. મનીષાબેન દવે પરિવારે (જૂનાગઢ) લીધો હતો. ખીચડી ઉત્સવ પણ દિવ્ય અને ભવ્ય રીતે ઉજવાયો. સૌ બહેનો દર્શન અને આશીર્વાદ-અમૃતવાણીનો મહા લાભ લઈ ધન્ય બની ગયા. આ પ્રસંગમાં સાં.રાજકુંવરબા, ઉષાબા, ચંપાબા તથા અમદાવાદ, કડી, ઉંઝા અને હળવદથી સાંખ્યયોગીબા જોડાયા હતા. અત્રેના મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજીની પ્રેરણાથી ચરાડવા ગામના હરિભક્તોએ તેમજ મૂળીના સંત-પાર્ષદ મંડળે પ્રશંસનીય સેવા બજાવી હતી. *(વિશાલ ભગત ચરાડવા)*

### નરનારાયણનગર (તા. હળવદ) શાકોત્સવ ઉજવાયો

મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબાના નરનારાયણનગર ગામે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા અ.નિ. પૂજ્યનીય સંત સ.ગુ. રાધામનોહરદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા મૂળી મંદિરના મહંત શા. સ્વા. નારાયણપ્રસાદદાસજીના સુંદર માર્ગદર્શનથી નરનારાયણનગર અને કૃષ્ણનગર ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દિવ્યાતિ દિવ્ય શાકનો અલૌકિક વઘાર કરી શાકોત્સવ ઉજવ્યો હતો. હળવદ વિસ્તારના હજારોની સંખ્યામાં ભક્તજનોએ આવા અલૌકિક દર્શન કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવી ધન્ય ધન્ય બન્યા હતા. ચરાડવાના મહંત શા. હરિપ્રકાશદાસના સુંદર આયોજન હેઠળ હરિભક્તોએ ઉમદા સેવા બજાવી હતી. મૂળીથી સ્વા. લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંત મંડળ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. *(પ્રેમસ્વરૂપદાસ)*

---

### મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના નવા પૂજારીની નિયુક્તિ

શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના પૂજારી તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીને નિયુક્ત કર્યા છે.

# વિદેશ સત્સંગ સમાચાર

## વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞાથી વોશિંગ્ટન ડી.સી. ખાતે ૨૧ ડિસેમ્બરના રવિવારે સાંજે ૪ થી ૮ સર્વનાપાર્ક કોમ્યુનિટી સેન્ટરમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં વચનામૃત (૨૭૩) અને કીર્તન-ભક્તિ નિત્ય નિયમ અને થાળ-આરતી ઠાકોરજી સમક્ષ કરવામાં આવેલ. શા. સિધ્ધેશ્વરદાસે સેલફોન પર ધનુર્માસ મહિમાની કથા સંભળાવી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. હવેથી, દરેક સભા (દર મહિને) ગ્રોસ ઈપીસ્કોવલ ચર્ચના 'પેરીસ' હોલમાં ઈલ્કરીજ મેરીલેન્ડમાં થશે.

*(કનુભાઈ પટેલ)*

## પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી આપણા પૂર્વ આફ્રિકા સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર નાઈરોબી નૂતન મંદિરના ૯ માં અને મૂળ સ્થાપનાના ૬૪ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવનના ૪ થા પ્રકરણની સપ્તાહ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે આપણા ભુજ મંદિરના સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજીના મંડળના સંતોએ બિરાજી કથામૃત પાન કરાવ્યું હતું. પૂર્ણાહુતિના દિને તા. ૨૫-૧૨-૦૮ ના ગામ સુખપર (ભુજ)ના અ.નિ. વેલજીભાઈ ખીમજી ગોરસીયા તા. ૨૬-૧૨-૦૮ ના રોજ ગામ બળદિયાના પ.ભ. રવજીભાઈ ખીમજી રાઘવાણીના કુટુંબ પરિવાર તરફથી પ્રસાદરૂપી ભોજન જમાડવામાં આવેલ. અને તેમના તરફથી ભુજ મંદિર, અમદાવાદ મંદિર તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં ભેટ આપવામાં આવેલ.

આ પાટોત્સવ-પારાયણ પ્રસંગે અમદાવાદથી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભુજ (કચ્છ) મંદિરના વયોવૃદ્ધ સ.ગુ. પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી સંત મંડળ સાથે પધાર્યા હતા. પૂર્ણાહુતિના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ-અન્નકૂટની આરતી થઈ હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી કરીને ભૂજના મહંત સ્વામી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે મંદિરના અધ્યક્ષશ્રી લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણીએ પ્રસંગને અનુલક્ષીને પોતાના મંતવ્યો જણાવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી અત્રેનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. *(મંત્રી ભીખાલાલ વેલજી ગોરસીયા, મંત્રી શ્રી, પૂ.આ.સ.સ્વા. મંદિર નાઈરોબી)*

## સંપ્રદાયનું ગૌરવ

ન્યુઝીલેન્ડમાં ઓકલેન્ડ શહેરમાં અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદી તાબાનું (I.S.S.O.) સર્વ પ્રથમ ભવ્ય શિખરબધ્ધ મંદિરનું નિર્માણ સંપૂર્ણ રીતે જેના ફાળે જાયછે તેવા આપણા સંનિષ્ઠ કાર્યકર ડૉ. કાંતિભાઈ પટેલનું ન્યુઝીલેન્ડ સરકાર દ્વારા બહુમાન **(Queen's Service Medal For Services To Community Medecine and Indian Community)** કરવામાં આવ્યું. આપણા સંપ્રદાય માટે તો ખરૂં પણ કોઈપણ ભારતવાસીને ગર્વ થાય તેવું આ બહુમાન છે. તેમના ધર્મપત્ની અ.સૌ. રંજનાબેન પણ જસ્ટીસ ફોર પીસ (જે.પી.)નું પદ ધરાવે છે. તેમનું સમગ્ર કુટુમ્બ (ડૉ. કાંતિભાઈ પ.ભ. જયંતીભાઈ, અ.સૌ. રંજનાબેન, રાકેશ, દીપક) પોતાનો મોટા ભાગનો સમય મંદિરની સેવામાં વ્યતીત કરે છે.

હમણા થોડા સમય પહેલા પૂજ્ય ધ્યાની સ્વામી ન્યુઝીલેન્ડ પધારેલા ત્યારે અચાનક પડી ગયા ને ફેકચર થઈ ગયું. ત્યારે આપણા ડોકટર સાહેબે તેમની ખૂબજ સારી સારવાર કરી હતી. જેથી સ્વામી તેમના પર ખૂબજ રાજી થયા હતા.

ડૉકટર સાહેબની સીધી દેખરેખ નીચે ઓકલેન્ડમાં લગભગ ૧૨ ક્લીનિકો ચાલે છે જેમાં ૪૨ ડૉકટરો કાર્યરત છે.

● ● ●

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન અને અમેરિકાના કોલોનીયા (I.S.S.O.) આપણા મંદિર નિર્માણમાં જેમનું મોટુ યોગદાન છે. તેવા આપણા પ.ભ. નયનભાઈ પરીખને અમેરિકાના વુડબ્રીજ મેયરશ્રી જોન મેકોરમેકની સિલેક્શન કમિટીમાં નવેમ્બર-૨૦૦૮ માં Commissioner નું ગૌરવ લેવા જેવું પદ આપીને સમગ્ર ભારતવાસીઓનું તેમજ મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ ગાદીનું વિશેષ ગૌરવ ગરિમા વધાર્યું છે. આવા ગૌરવ પદ સમાચાર જાણીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

# શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના


| | |
|---|---|
| ૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ - વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ - વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ - વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ - અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ - નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી રીટાબેન દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ - વિલેપાર્લે |
| ૧૦૧-૦૦ શ્રી સ્નેહા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ - નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી રૂચિતા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ - નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી જીનલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ - વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી મિતલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ - વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી હેતવી દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ - વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી પુષ્પાબેન હેમરાજ મારવી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | જીરાગઢ - અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી કમળાબેન માધવજી ગોહિલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | મેઘપર પૂના |
| ૧૦૧-૦૦ શ્રી આયુષીબેન રમેશભાઈ સ્કુલે બેસાડી તે નિમિત્તે | ધૂળકોટ |
| ૧૦૧-૦૦ શ્રી નટવરભાઈ પરસોત્તમભાઈ ચૌહાણ નવું મશીન લાવ્યા તે નિમિત્તે | જામસર |
| ૧૦૧-૦૦ શ્રી દેવેન્દ્રભાઈ નટવરભાઈ ચૌહાણ પુત્રીના જન્મ પ્રસંગે | બારડોલી |
| ૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રસિંહજી દરબાર શ્રીજી પ્રસન્નાર્થે | (ડાંગરવા) મુંબઈ |
| ૧૦૫-૦૦ શ્રી કૃણાલ.અર્પિતાના લગ્ન પ્રસંગે | ધનસુરા |
| ૧૦૦-૦૦ શ્રી ઉત્સવ ધનજીભાઈ ટાંક જન્મ દિન નિમિત્તે | સુરત |
| ૧૦૧-૦૦ શ્રી તારકકુમાર પરસોતમભાઈ ગઢીયા પ્રથમ પગાર નિમિત્તે | બાપુનગર |
| ૧૦૧-૦૦ શ્રી ભાઈલાલભાઈ કરશનદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | કેનેડા |
| ૫૦૦-૦૦ શ્રી વિરમભાઈ ધરમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ડેમાઈ |
| ૧૦૦-૦૦ શ્રી હર્ષદભાઈ શાંતિલાલ કાછીયા નવું હીરો હોન્ડા લીધું તે નિમિત્તે | બાલાસિનોર |
| ૧૦૧-૦૦ શ્રી હિતેન્દ્રસિંહ ડાભીના ચિ. વંશરાજના જન્મ પ્રસંગે | ડાંગરવા |
| ૧૦૧-૦૦ શ્રી નટવરભાઈ નાથાલાલ પટેલ ચિ. ચિરાગના લગ્ન પ્રસંગે | ધમાસણા |
| ૧૦૦-૦૦ શ્રી ભાર્ગવ એમ. ભાવસાર ધો.-૧૦ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી રાજેશકુમાર જીણાભાઈ નાયી ચિ. જયકુમારની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે | ડેમાઈ |
| ૧૫૧-૦૦ શ્રી હરજીવનભાઈ પટેલના માતુશ્રીની યાત્રા સફળ થઈ તે નિમિત્તે | ગોઠીબ |
| ૧૦૧-૦૦ શ્રી હરેશ પ્રમુખલાલ ભાવસાર અમર કોટીંગ નવીન ફેકટરીના ઉદ્‌ઘાટન પ્રસંગે | મહેસાણા |
| ૩૦૧-૦૦ શ્રી હેત ગોરલબેન પિયુષભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે | મહેસાણા (અમેરિકા) |
| ૧૦૧-૦૦ શ્રી પરાગ યશોધર પટેલ લગ્ન પ્રસંગે | અસલાલી |
| ૧૫૦-૦૦ ચિ. મિત જીતેન્દ્ર પટેલ નવું બાઈક લીધુ તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી સુરેખાબેન જગદીશકુમાર પટેલ ચિ. રોપાબેન ઓસ્ટ્રેલિયા ગયા તે નિમિત્તે | |
| ૫૫૧-૦૦ શ્રી ભરતભાઈ મુળજીભાઈ તળાજીયા ચિ. ચેતનાના લગ્ન પ્રસંગે | અમદાવાદ |
| ૫૫૧-૦૦ શ્રી અરવિંદભાઈ ખીમચંદભાઈ ખાટસુરીયા ચિ. પરિક્ષીતના લગ્ન પ્રસંગે | અમદાવાદ |
| ૨૦૦-૦૦ શ્રી ધીરજલાલ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ ચિ. વિકાસકુમારના વેવિશાળ પ્રસંગે | ઘાણોઘરડા |
| ૧૧૦-૦૦ શ્રી હસમુખલાલ અમૃતલાલ બ્રહ્મભટ્ટ ચિ. હાર્દિકકુમારના વેવિશાળ પ્રસંગે | વેડા (પિલવાઈ) |
| ૨૫૧-૦૦ શ્રી અશોકકુમાર વ્રજલાલ બ્રહ્મભટ્ટ ચિ. પિનલબેન - ફાલ્ગુનીબેનના વેવિશાળ પ્રસંગે | કરજીસણ |
| ૧૦૦-૦૦ શ્રી મોનિકાબેન પ્રકાશચંદ્ર પટેલ સી.સી. એન.એ.માં પાસ થયા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી પ્રકાશ મોનિકા પટેલ મેરેજ એનીવર્સડે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી મંજુલાબેન શકરાભાઈ પટેલ ગાયમાતાના અક્ષર નિમિત્તે | ખેરોલ |
| ૧૦૧-૦૦ શ્રી મિતેશ શરદભાઈ પટેલ નવી ફન્ટી લાવ્યા તે નિમિત્તે | ઉવારસદવાળા |
| ૧૦૧-૦૦ શ્રી પ્રફુલાબેન બિપીનચંદ્ર ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે | કલોલ |
| ૧૦૧-૦૦ ભાયલા ગામે ભાગવત સપ્તાહ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા તે નિમિત્તે (શ્રી દિલીપસિંહ) | |
| ૧૦૧-૦૦ શ્રી જયંતીભાઈ વાલજીભાઈ પટેલ ચિ. ખુશ તથા ચિ. હેતવીના જન્મ દિન પ્રસંગે | ગવાડા |
| ૧૦૧-૦૦ શ્રી કરણ ધર્મેન્દ્ર મારવી ધનુર્માસ નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧-૦૦ શ્રી નિમેષ બિપીન ટાંક ધનુર્માસ નિમિત્તે | કાંદીવલી |
| ૧૦૧-૦૦ શ્રી અંકિત બિપીનભાઈ ટાંક ધનુર્માસ નિમિત્તે | મુંબઈ |
| ૧૦૦-૦૦ શ્રી વત્સલ નિતીનકુમાર જોષી શ્રીજી પ્રસન્નાર્થે | કોઠંબા |
| ૧૦૧-૦૦ શ્રી દર્શન રાજેશકુમાર સુહાગીયા શ્રીજી પ્રસન્નાર્થે | બ્રિસબન |
| ૧૦૧-૦૦ શ્રી તૃપ્તિબેન રાજેશકુમાર સુહાગીયા શ્રીજી પ્રસન્નાર્થે | બ્રિસબન |
| ૧૦૧-૦૦ અ.નિ. શાંતાબેન દુદાભાઈ ભીમાણી શ્રીજી પ્રસન્નાર્થે | અમેરિકા |

| | |
|---|---|
| ૧૦૧-૦૦ અ.નિ. દુદાભાઈ માધાભાઈ ભીમાણી શ્રીજી પ્રસન્નાર્થે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી મયંક વિનોદચંદ્ર ભીમાણી શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ હેલી ભાવેશકુમાર સાવલીયા શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી આર્યન કેતનકુમાર કથીરીયા શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી રણજીતસિંહ જામભા રાણા તેમના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે | મેઘાણીનગર |
| ૧૦૧-૦૦ શ્રી દિપ સંજયભાઈ ભાવસાર જન્મ દિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી રમણલાલ ગોપાળદાસ પટેલ ચિ. નિલેશના લગ્ન પ્રસંગે | મારૂસણા |
| ૧૦૧-૦૦ શ્રી રાકેશકુમાર લાલભાઈ પટેલ ચિ. દેવશ્રીના જન્મ દિન નિમિત્તે | પોર |
| ૫૦૧-૦૦ શ્રી હર્ષકુમાર હસમુખભાઈ ભીખાભાઈ પટેલ શ્રીજી મહારાજની કૃપાથી ઓપરેશન બંધ રહ્યું તે નિમિત્તે | હૈદ્રાબાદ |
| ૨૦૦-૦૦ શ્રી પ્રવિણભાઈ ભેમદાસ પટેલ ચિ. સુનીલના લગ્ન પ્રસંગે | વડુવાળા (ચેરીહીલ) |
| ૧૦૦-૦૦ અ.નિ. શ્રી અમૃતભાઈ મફતલાલ પટેલના સ્મરણાર્થે | કોલાદવાળા |
| ૧૦૧-૦૦ શ્રી ધ્રુવીલ ધર્મેન્દ્રભાઈ મોજીદરા શ્રીહરિએ રક્ષા કરી તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી અંકિત વિનયચંદ્ર પટેલ લંડનમાં જોબ મળી તે નિમિત્તે | કપડવંજ |
| ૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી ધનુર્માસ પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે | સેટેલાઈટ |
| ૧૦૧-૦૦ શ્રી વિરેસ અમૃતલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે | વાસણા |
| ૧૦૦-૦૦ શ્રી દિલીપભાઈ ચિમનભાઈ પટેલના સ્મરણાર્થે | કનીપુરવાળા |
| ૧૦૦-૦૦ શ્રી ભૂપેન્દ્રભાઈ શંભુભાઈ અમીન પુણ્યતિથિ નિમિત્તે | અસલાલી |
| ૧૦૧-૦૦ શ્રી ભાઈલાલભાઈ કરશનદાસ પટેલ ઉત્તરાયણ નિમિત્તે | કેનેડા |
| ૧૦૧-૦૦ શ્રી મુકેશભાઈ ભાઈલાલભાઈ દેસાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નારણપુરા |
| ૧૦૧-૦૦ શ્રી રજનીકાન્ત સી. પટેલ ઉત્તરાયણ નિમિત્તે | અમદાવાદ |
| ૫૦૧-૦૦ શ્રી ભૂમિબેન જીગ્નેશકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે હ. શ્રી વિનુભાઈ | ન્યુજર્સી |
| ૧૦૧-૦૦ શ્રી કૌશિકભાઈ કેહુભાઈ ખટાણા નોકરી મળી તે નિમિત્તે | બલોલ (ભાલ) |
| ૧૦૦૧-૦૦ શ્રી શર્મિષ્ઠાબેન તેજેન્દ્રકુમાર પટેલના ચિ. પુત્ર તીર્થ તથા ચિ. પુત્રી ત્રીસાના તા. ૨૬-૧૧-૦૮ જન્મ નિમિત્તે | રાણીપ |
| ૧૦૦-૦૦ શ્રી ભૂમિકાબેન બાબુલાલ પટેલ સગાઈ નિમિત્તે | રાણીપ |
| ૧૦૦-૦૦ શ્રી રિકલ પરેશભાઈ પટેલ આઈ.આર. સિકવર એપા. નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી મોહનભાઈ પોપટભાઈ ચિ. ભાણેજ સુલભના જન્મ દિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૧૧-૦૦ શ્રી અમરશીભાઈ ખીમજીભાઈ ટાંક ચિ. જગદીશના લગ્ન પ્રસંગે | ધૂળકોટ |
| ૧૧૧-૦૦ શ્રી વલ્લભભાઈ રણછોડભાઈ પરમાર ચિ. દિપીકાના લગ્ન પ્રસંગે | દુબઈ |
| ૨૧૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | સુરત |
| ૧૦૦-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | સુકાટીંબા |
| ૨૦૧-૦૦ શ્રી કાંતિભાઈ ભગવાનદાસ પટેલ ચિ. અલ્પેશ - પ્રિયંકાને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | વિહાર |
| ૧૦૧-૦૦ શ્રી તનસુખભાઈ કેશવલાલ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી દયાળજીભાઈ ખોડીદાસભાઈ ચોટલીયા શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ |
| ૧૦૦-૦૦ શ્રી શ્રુતિ - જય પ્રફુલભાઈ ચૌહાણ જન્મ દિન નિમિત્તે | રાજકોટ |
| ૨૫૧-૦૦ શ્રી લાભુભાઈ વી. ખેર (મોરબી જેલર સુપ્રિ.) જેલર સુપ્રિ. ઈનચાર્જના ત્રણ વર્ષ પુરા કર્યા તે નિમિત્તે | બળોલ |
| ૧૦૦-૦૦ શ્રી કોમલબેન ભાવિકકુમાર પટેલ બેબીના જન્મ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી રીટાબેન જીજ્ઞાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરારોડ |
| ૨૦૧-૦૦ શ્રી પ્રિયલભાઈ રણછોડભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | ઉનાવા |
| ૧૫૧-૦૦ મોખાસણ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ - પારાયણ નિમિત્તે (શ્રી સોમાભાઈ પટેલ) | |
| ૧૦૧-૦૦ નરનારાયણ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે | મારૂસણા |
| ૧૦૧-૦૦ શ્રી રાજેશકુમાર વિષ્ણુભાઈ પટેલ બી.ફાર્મ ફાર્મસી ફર્સ્ટ ક્લાસ નિમિત્તે | મારૂસણા |
| ૧૦૧-૦૦ શ્રી વાડીલાલ મનજીભાઈ પટેલ ધનુર્માસ નિમિત્તે | ગોઠીબ |
| ૧૦૧-૦૦ શ્રી રમેશચંદ્ર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૦૧-૦૦ શ્રી પ્રવિણચંદ્ર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૦૧-૦૦ શ્રી હરજીવનદાસ રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૨૦-૦૦ શ્રી હિતેષ એન. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ગુલાબપુરા |
| ૧૦૦-૦૦ શ્રી કરણ પરેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | મલાડ |
| ૫૦૧-૦૦ શ્રી દેવેન્દ્ર ઘનશ્યામભાઈ પરીખ જન્મ દિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી *પટેલ વાલજીભાઈ લવજીભાઈ (હ. દિલીપકુમાર તથા પરેશકુમાર) નવા મકાનના વાસ્તુ પૂજન નિમિત્તે* | *ભાદરડી* |

ગત અંકનો સુધારો

| | |
|---|---|
| ૧૦૧-૦૦ શ્રી રીટાબેન અને જીજ્ઞાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરા રોડ |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક** : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




જેતલપુરધામમાં પારાયણ પ્રસંગે દર્શન આપતા
પ.પૂ. મોટા મહારાજશ્રી અને કથામૃત પાન કરાવતા પૂ.પી.પી.સ્વામી




જેતલપુરમાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં
પારાયણના યજમાન પરિવારો (કચ્છ-લંડન)



જેતલપુર પારાયણ પ્રસંગે શોભાયાત્રામાં દર્શન આપતા
પ.પૂ.મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રી



ચરાડવા (મૂળી દેશ)માં પ.પૂ.મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં
મહિલા સત્સંગ શિબિરમાં હજારોની સંખ્યામાં ભાગ લેતા સત્સંગી



ધરિયાવદ (રાજ.) મંદિરમાં કથાનો લાભ લેતા ગ્રામજનો



કોટેશ્વર ગુરુકુળ ખાતે પ.પૂ.લાલજી મહારાજશ્રી સત્સંગી બાળકો

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC003 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07- 08 valid up to 31/12/2011






ઈસ્ટ આફ્રિકા સ્વા. સ.મંડળ નાઈરોબી મંદિરના પાટોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને નાઈરોબીના રાજમાર્ગો પર શોભાયાત્રામાં દર્શન આપતા પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે સંત - મંડળ



ચેરિહિલ આપણા મંદિરમાં ૨૬મી જાન્યુઆરી
પ્રજાસત્તાક દિનની ઉજવણી



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અમદાવાદ મંદિરના નવા મહંત
સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજીને નિયુક્ત કર્યા ત્યારની તસવીર સાથે
કો.કૃષ્ણવલ્લભ સ્વામી, પી.પી.સ્વામી, દેવપ્રકાશ સ્વામી અને પૂ.બ્ર.રાજેશ્વરાનંદજી


પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી



શ્રી નરનારાયણ દેવ

પ.પૂ. આદિ આચાર્ય
શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજશ્રી
જન્મ દ્વિશતાબ્દી
મહોત્સવ

# ધર્મકુળ વંદના મહોત્સવ



પ.પૂ. આદિ આચાર્ય
શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

તા. ૧ થી ૩ જૂન ૨૦૦૯ જેઠ સુદ ૯ થી ૧૧ સુધી

સ્થળ:- ગણેશ હાઉસીંગ કોર્પો.લી., સરખેજ-ગાંધીનગર રોડ,
થલતેજ ચોકડીથી સોલા બ્રીજ વચ્ચે, થલતેજ, અમદાવાદ



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮

-:આયોજક:-
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧